

₹ ૧૫/-



## પ્રેમ વિશે ચિંતન-મનન

# પ્રભુ અર્પણ

ઑક્ટોબર - ૨૦૧૬

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

*

... પ્રકૃતિએ.... પ્રેમના આ મહા સમર્થ તત્ત્વને વંશવર્ધનની ક્રિયા સાથે જોડી આપ્યું છે, તેની સાથે મિશ્રિત કરી આપ્યું છે અને એ રીતે પોતાની સર્જક પ્રવૃત્તિની સેવામાં તેને જોડી દીધું છે. પ્રેમ અને વંશવૃદ્ધિ, એ બે વસ્તુઓ જગતમાં એટલી બધી તો ગાઢ અને નિકટની બની ગયેલી છે કે એ બેને છૂટાં પાડી શકે તેમ જ તેમનો અલગ અલગ અનુભવ કરી શકે એવી પ્રકાશમય ચેતના હજી બહુ વિરલ માણસોમાં જ આવેલી છે. અને આમ આ પ્રેમતત્ત્વ જગતમાં હરેક પ્રકારની અધોગતિ ભોગવી રહેલું છે. નીચે સરતાં સરતાં તે ઠેઠ પશુ કોટિ સુધીનું બની ગયેલું છે.

(CWM 12 : 66)

શ્રી માતાજી

હે, પ્રભુ ! હું ફક્ત તને જ પ્રેમ કરું છું. અને સર્વમાં તેમ જ પ્રત્યેક વ્યક્તિમાં પણ હું તને જ પ્રેમ કરું છું. આમ, તેઓની અંદર તને પ્રેમ કરીને હું તેઓને તારા પ્રત્યે થોડા સભાન બનાવવામાં અંતે સફળ થઈશ.

શ્રી માતાજી

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ઑક્ટોબર - ૨૦૧૬ વર્ષ : ૦૨ અંક : ૧૦

# અનુક્રમ

**પ્રેમ વિશે ચિંતન - મનન**

* * *

વૃત્ત વિશેષ ૩૧

**સંપાદકીય : સૃષ્ટિ-સર્જનમાં જે જે શક્તિઓનું યોગદાન રહ્યું છે તે સર્વ શક્તિઓમાં સૌથી વધુ બળવાન શક્તિ છે પ્રેમ, પ્રેમ વિના સર્જન શક્ય બન્યું ન હોત. પ્રેમ વિના સૃષ્ટિને એના અંધકારમાંથી બહાર લાવી શકાઈ હોત નહિ. પરંતુ આ પ્રેમ, આ બળવાન ઉચ્ચાલક, જે સર્વ વસ્તુને ગતિ અર્પે છે, એ ખરેખર છે શું ? એ છે રહસ્યોનું રહસ્ય. મહા રહસ્ય. શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં પ્રકાશમાન લખાણોના સહારે આ પ્રેમ વિશે ચિંતન અને મનન કરવાના હેતુસર આપણે આ અંક એમને ચરણે અર્પણ કરીએ છીએ.**

મે ૧૬ ૧૯૬૦ના રોજ એક શિષ્ય સાથેના પોતાના વાર્તાલાપમાં શ્રી માતાજીએ જણાવ્યું છે :

> ''પ્રેમ એ છે મહાન રહસ્ય. જે અસ્તિત્વમાં છે, જે અસ્તિત્વ ધરાવતું નથી; જે વ્યક્તિગત છે ને જે વ્યક્તિનિરપેક્ષ છે એ સર્વ પાછળ આ પ્રેમ રહેલો છે. આ પ્રેમ તે બે વસ્તુઓ કે બે વ્યક્તિઓ વચ્ચેનો પ્રેમ નહિ... આ પ્રેમ એવો છે જે સર્વને પોતાનામાં સમાવે છે. અને આશ્ચર્ય તો એ વાતનું છે કે પ્રત્યેક ક્ષણે કૃપા, આનંદ, પ્રકાશ અને પ્રેમનો ધોધ વહેતો જ રહે છે — અહંકાર, લાંછન અને અપાત્રતા હોવા છતાં.''

# પ્રેમ વિશે ચિંતન - મનન

**કેલ્ડિયન પુરાણ કથા**

હાલ જે અરબીયા તરીકે ઓળખાય છે એ સૂકા પ્રદેશમાં બહુ વર્ષો પહેલાં પૃથ્વીની ચેતનામાં પરમ પ્રેમને જાગૃત કરવાના હેતુસર એક દિવ્ય સ્વરૂપ પૃથ્વી પર પ્રકટ થયું હતું. ધાર્યા પ્રમાણે તે સમયના માણસો એને સમજી શક્યા નહિ અને એના પર શંકા રાખી એની પાછળ પડી ગયા. એના પર ખૂબ જુલમ ગુજારવામાં આવ્યો અને એને મારી નાખવા માટે એનો પીછો કરવામાં આવ્યો. હુમલાખોરોથી મૃતઃપાય થયેલું એ સ્વરૂપ એકાંતમાં શાન્તિપૂર્વક મૃત્યુ પામવા ઈચ્છતું હતું કે જેથી એ પોતાનું કાર્ય સિદ્ધ કરી શકે અને માટે એ નાસી છૂટયું. એ વિશાળ રણપ્રદેશમાં એકાએક જ એક દાડમનું નાનું ઝાડ દૃષ્ટિગોચર થયું. એ ઝાડની નીચી ડાળીઓ તળે પેલું તારણહાર (દિવ્ય સ્વરૂપ) સરકી ગયું અને તુર્ત જ ચમત્કારિક રૂપે એ ઝાડ વિસ્તરવા લાગ્યું. એ ઊંચું થવા લાગ્યું, વિશાળ થવા લાગ્યું, ખૂબ ગીચ અને ગાઢ થઈ ગયું. અને એટલે જ પીછો કરનારાઓ જ્યારે ત્યાંથી પસાર થયા ત્યારે તેઓને એવી શંકા પણ ન ગઈ કે જેનો તેઓ પીછો કરી રહ્યા હતા તે ત્યાં સંતાયેલ હશે. અને તેઓ આગળ નીકળી ગયા.

હવે એના શરીરમાંથી જેમ જેમ ટીપે ટીપે પવિત્ર લોહી પડતું ગયું તેમ તેમ એ ધરતી ફળદ્રુપ થતી ગઈ અને એ ઝાડ પર અદ્‌ભુત મોટાં, અનેક પાંખડીઓ વાળાં લાલચોળ રંગનાં ફૂલો પથરાઈ ગયાં.

આ ફૂલો આપણે માટે દિવ્ય પ્રેમની[1] અભિવ્યક્તિ છે, ને એ પોતાની અંદર દિવ્ય પ્રેમને સમાવે પણ છે. (CWM 7 : 373)

*

**મધુર માતાજી, તમે જે કેલ્ડિયન કથા[1] લખી છે તેને કાલીપૂજા સાથે કોઈ સંબંધ છે ?**

હા, મારા બાળક, કારણ કે કાલીપૂજાને દિવસે હું હંમેશાં ''ભગવાનનો પ્રેમ'' નામનાં પુષ્પો વહેંચું છું, કારણ કે કાલી મહાશક્તિનાં બધાં રૂપોમાં સૌથી વધારે પ્રેમાળ છે; તેમનો પ્રેમ સૌથી વધારે સક્રિય અને શક્તિશાલી છે. તેથી હું દર વર્ષે કાલીપૂજાના દિવસે ''ભગવાનનો પ્રેમ'' નામનાં પુષ્પોની પાંખડીઓ વહેંચું છું. ભગવાનના પ્રેમને વ્યક્ત કરતાં આ પુષ્પોને શા માટે પસંદ કરવામાં આવ્યાં તેની પૂરતી સમજૂતી તેથી મળી રહે છે.

**માતાજી, તમે જેને વિશે વાત કરી હતી તે માણસ કોણ હતો ?**

તમને કોણે કહ્યું કે તે માણસ હતો ? મેં તે પુરુષ હતો કે સ્ત્રી તેની વાત કરી જ નથી; મેં તો માત્ર ''દિવ્ય સત્ત્વ'' કહેવાની દરકાર રાખી હતી.

---

૧ પ્રતિવર્ષ કાલી પૂજાના દિવસે શ્રી માતાજી 'દિવ્ય પ્રેમ' નામક, ફૂલોની પાંદડીઓ વહેંચતાં હતાં

કોણ ?

તે એક પ્રાગૈતિહાસિક કથા છે, એટલે તમે તેને વિશે કોઈ માહિતી મેળવી શકો નહિ. તે કથા ક્યાંયે લખવામાં આવી નથી. તેના કોઈ લેખિત દસ્તાવેજો નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૭ : ૩૭૧-૭૨)

*

## નિર્મળ અને તટસ્થ પ્રેમ

ડિસેમ્બર ૧૬, ૧૯૧૩

પ્રભુ, તારો સાક્ષાત્કાર ઝંખી રહેલાં હૃદયોને ખોલી શકે એવી એક જ ચાવી છે. એ ચાવી એટલે કે નિર્મલ અને તટસ્થ પ્રેમ. તારા એ પ્રેમનું અમે જેટલું દર્શન કરી શકીશું, તેને જેટલો આવિર્ભાવ આપી શકીશું તેટલા પ્રમાણમાં અમને સફળતા મળશે. જેઓ કેવળ બુદ્ધિના માર્ગે આગળ વધવા ઇચ્છે છે તેઓ પોતાના વિચારોને ઘણી ઉચ્ચ કક્ષાએ પહોંચાડી શકે છે. તેમના એ વિચારોમાં ઘણું સત્ય પણ હોય છે. સાચું જીવન એટલે શું, તારી સાથે અદ્વૈત પામેલું જીવન એટલે શું એની કંઈક કલ્પના પણ તેઓ ઉપજાવી શકે છે. પરંતુ એ અદ્વૈતના જીવન વિશે તેમને કશું જ્ઞાન નથી હોતું, એ જીવનનો કશો આંતરિક અનુભવ નથી હોતો. તારી સાથે કોઈ જીવંત સંબંધ હોઈ શકે એવું તેમને કશું ભાન નથી હોતું. આ બુદ્ધિપ્રધાન લોકો પોતાના મન વડે એક કલ્પના-દુર્ગ ઊભો કરે છે, જગતમાં એ જ વસ્તુ સર્વોત્તમ છે એમ માને છે અને એ કિલ્લાની અંદર રહીને જ તેઓ કર્મ કરતા રહે છે. આ લોકોમાં કાંઈ પણ પરિવર્તન લાવવું, એમનામાં દિવ્ય ચેતનાને જાગૃત કરવી એ અત્યંત વિકટ કામ છે. એમના કરતાં તો સાદીસીધી બુદ્ધિવાળા પણ શુભ હૃદયવાળા માણસોને પ્રભુ પ્રત્યે જાગૃત કરવા એ ઘણું સહેલું હોય છે. આ બુદ્ધિશાળી લોકોને પલટાવવાનો ચમત્કાર માત્ર એક જ વસ્તુ સાધી શકે તેમ છે. એ વસ્તુ છે પ્રેમ. પ્રેમશક્તિ બધા દરવાજા ખોલી શકે છે, બધી ભીંતો ભેદી શકે છે, એકેએક વિઘ્ન ઓળંગી શકે છે. સાચા પ્રેમનું એકાદ નાનું બિંદુ પણ અનેક ઉત્તમોત્તમ વ્યાખ્યાનો કરતાં વધુ કામ કરી જાય છે.

આ શુદ્ધ પ્રેમનું પુષ્પ, પ્રભુ, તું મારામાં વિકસાવી આપ. એ પુષ્પ ખીલ્યું હશે ત્યાર પછી અમારી પાસે જે કોઈ આવશે તે એની સુગંધથી તરબોળ થઈ જશે, પવિત્ર થઈ જશે.

જગતમાં શાંતિ અને આનંદ કેવળ આ પ્રેમમાં જ રહેલાં છે. સર્વ શક્તિઓ અને સાક્ષાત્કારોનું મૂળ એ પ્રેમમાં જ છે. જીવનનો સિદ્ધમાં સિદ્ધ વૈદ્ય, મહાનમાં મહાન આશ્વાસક એ જ છે. એ જ છે જગતનો વિજેતા, એ જ છે પરમ ગુરુ.

પ્રભુ, મારા મધુર ગુરુ, મારું સર્વસ્વ મેં તારે ચરણે ધરી દીધું છે. મારા જીવનની બધી દોરી તેં હાથમાં લઈ લીધી છે. મૂક હૃદયે હું તારી આરાધના કર્યે જાઉં છું. મારી એક જ પ્રાર્થના છે : તારી નિર્મલ પ્રેમજ્યોત મારા અંતરમાં પ્રગટે. એ જ્યોતને ધારણ કરીને મારું હૃદય એક સળગતા અગ્નિકુંડ જેવું બની રહો. એ કુંડમાંનો પ્રેમ-અગ્નિ જગતની તમામ અપૂર્ણતાઓને

ભસ્મસાત્ કરી નાખશે, અહંકારના નિષ્પ્રાણ કાષ્ઠને, અજ્ઞાનના કાળા કોલસાને એક નવું રૂપ આપશે, એમાંથી એક હૂંફાળી આગ પ્રગટાવશે, એક ઝળહળતો પ્રકાશ રેલાવશે.

મારું હૃદય આનંદપૂર્ણ ગંભીર ભાવે તારા તરફ વળે છે. અને પ્રાર્થે છે :

તારો પ્રેમ, પ્રભુ, જગતમાં પ્રગટ બનો,
તારું શાસન જગત પર અવતરો,
તારી શાંતિ જગતનું શાસન કરો.

(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ : પૃ. ૧૩૫-૧૩૬)

*

## પ્રેમ વિશ્વ કરતાં વિશાળ છે

૨૩ મે, ૧૯૧૪

પ્રભુ, તારા વિશે હું સતત સભાન રહેવા ઇચ્છું છું અને તને હું મારા સ્વરૂપના નાનામાં નાનાં કોષોમાં પ્રત્યક્ષ કરવા ઇચ્છું છું, તને હું મારી પોતાની જાત તરીકે ઓળખવા ઇચ્છું છું અને સર્વ પદાર્થોમાં તને આવિર્ભાવ પામેલો જોવા ઇચ્છું છું, તું જ અસ્તિત્વની એકમાત્ર વાસ્તવિકતા છે, તું જ અસ્તિત્વનું એકમાત્ર કારણ છે અને એકમાત્ર લક્ષ્ય છે. તો મારી એ પ્રાર્થના છે કે મારો તારા પ્રત્યેનો પ્રેમ વિના અટક્યે વૃદ્ધિ પામતો રહે અને એ રીતે હું સર્વ પ્રેમરૂપ બની તારા જ પ્રેમરૂપે બની રહું, અને તારા એ પ્રેમરૂપ બનીને હું તારી સાથે પૂર્ણ રૂપે એક બની રહું. આ પ્રેમ વધુને વધુ તીવ્ર બનતો રહે, પૂર્ણ, તેજોમય, શક્તિમય બનતો રહે; એ પ્રેમ તારા પ્રત્યે જવા માટેનો એક અવિરોધ્ય આવેગ બની રહો; તને આવિર્ભાવ આપવા માટે એક અજેય સાધન બની રહો. મારામાં રહેલી સર્વ વસ્તુઓ, અગાધ ઊંડાણોથી માંડી બાહ્યમાં બાહ્ય તત્ત્વ સુધીની, વિશુદ્ધ, ગહન, અનાસક્ત, દિવ્ય એવા પ્રેમરૂપે બની રહો. આ પુદ્ગલમાં આવિર્ભાવ પામી રહેલા દેહધારી પ્રભુ પૂર્ણરૂપે તારા સંપૂર્ણ અને ભવ્ય પ્રેમ દ્વારા પોતાનો પૂરેપૂરો ઘાટ ધારણ કરો. એ પ્રેમ એકી સાથે એ સર્વ જ્ઞાનનું મૂળ છે તેમ જ તેનો સાક્ષાત્કાર છે. ચિત્ત તારા પ્રેમ વડે સ્વચ્છ બનો, વર્ગીકરણ પામેલું બનો, પ્રકાશિત બનો, રૂપાંતર પામેલું બનો. પ્રાણની સર્વ શક્તિઓ તારા પ્રેમ વડે સંપૂર્ણ રીતે આરપાર વીંધાઈ જાઓ, ઘાટ પામેલી બનો, એ સર્વ એક અવિરોધ્ય એવી વિશુદ્ધિ બની રહો, અને એક અખંડ શક્તિ બની રહો, બળ અને ધર્મભાવ બની રહો. મારું આ મધ્યગામી સ્વરૂપ કે જેને દુર્બળ બનાવેલું છે તે એ દુર્બળતાનો લાભ લઈને તારા પ્રેમથી પૂર્ણ ઘાટ પામેલાં તત્ત્વો વડે પોતાની ફરીથી રચના કરો. અને આ શરીર, એક જલતી અંગીઠી બનીને પોતાનાં સર્વ છિદ્રો દ્વારા તારા દિવ્ય, વ્યક્તિત્વમુક્ત, ભવ્ય અને સ્વસ્થ પ્રેમનો વિસ્તાર કરો... આ મગજ તારા પ્રેમ દ્વારા પુનઃરચના પામો. છેવટે, તારો પ્રેમ, એનામાં જે શક્તિ, તેજ, મધુરતા અને શક્તિ રહેલાં છે તે વડે સર્વ વસ્તુઓને છલકાવી દો. રેલંછેલ કરી દો, આરપાર વીંધી જાઓ, પુનર્જીવિત કરી દો, અનુપ્રાણિત કરી દો. તારા પ્રેમમાં શાંતિ રહેલી છે, તારા પ્રેમમાં છે આનંદ, તારા પ્રેમમાં રહેલું છે તારા સેવક માટે કામ કરવાનું ચક્રવર્તી ઉચ્ચાલન.

તારો પ્રેમ વિશ્વ કરતાં પણ વધુ વિશાળ છે, સર્વ યુગ યુગાન્તરો કરતાં વધારે સ્થાયી છે; એ અનંત છે, શાશ્વત છે, એ તું પોતે જ છે. અને હું તારારૂપે જ બની રહેવા ઇચ્છું છું અને હું તારા રૂપે જ છું, કારણ કે તારો નિયમ એ જ રીતનો છે, તારી ઇચ્છા એ જ રીતની છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧ : ૧૦૬-૦૭)

*

## દિવ્ય પ્રેમની વિજયી શક્તિ

૧ જૂન, ૧૯૧૪

દિવ્ય પ્રેમની હે વિજયી શક્તિ, તું જ આ જગતની ચક્રવર્તી સ્વામિની છે, તું એની સ્રષ્ટા છે અને તેની તારણહાર છે, તેં એને અંધ તમસમાંથી ઉપર આવવામાં સહાય કરી છે અને હવે તું એને શાશ્વત લક્ષ્યો પ્રત્યે લઈ જઈ રહી છે.

એવો એક પણ ક્ષુદ્ર હોય તેવો પદાર્થ નથી કે જ્યાં હું તને પ્રકાશતી જોતી નથી, તારા સંકલ્પથી દેખીતી રીતે વિરોધમાં રહેલું હોય એવું કોઈ પણ સ્વરૂપ નથી કે જેની અંદર હું તને જીવી રહેલી, કાર્ય કરી રહેલી, પ્રકાશિત બની રહેલી અનુભવતી ન હોઉં.

હે મારા મધુર ગુરુ, આ પ્રેમના અંતરતમ તત્ત્વ, હું તારું હૃદય છું અને તારા પ્રેમના પ્રબળ પ્રવાહો તારા પ્રેમને સર્વ પદાર્થોમાં જાગૃત કરવા માટે, અથવા કહો કે, સર્વ પદાર્થોને સૌ કોઈને સજીવ કરી રહેલા તારા પ્રેમની ચેતના પ્રત્યે જાગ્રત કરવાને મારા આખાયે સ્વરૂપમાં વહી રહેલા છે.

જેઓ જેઓ તારો સ્વીકાર કરતા નથી, જેઓ તને જાણતા નથી, જેઓ તારા દૈવી મધુર નિયમમાંથી ભાગી જવાનો પ્રયત્ન કરે છે, એ સર્વને હું મારા પ્રેમના બાહુઓમાં લઈ લઉં છું, એ સર્વને હું મારા પ્રેમના હૃદય ઉપર ઝુલાવું છું અને એમને તારી દિવ્ય જ્વાલાની અંદર અર્પી દઉં છું કે જેથી પછી, તારા અદ્‌ભુત પ્રાદુર્ભાવોથી ઓતપ્રોત થયેલા તેઓ તારા પરમાનંદમાં પલટાઈ જાય. હે પ્રેમ, દેદીપ્યમાન પ્રેમ, તું સૌ કોઈની અંદર ઓતપ્રોત બની રહે છે, તેમને પલટી દે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧ : ૧૧૪-૧૫)

*

## હરેક પદાર્થમાં, હરેક સ્થળે તું આ પ્રેમ બની રહે

ડિસેમ્બર ૨૫, ૧૯૧૬

'તેં એકેએક વસ્તુ તજી દીધી છે. જ્ઞાન અને ચેતના પણ તેં તજી દીધાં છે. એ ત્યાગ દ્વારા જ તું તારા કાર્ય માટે તૈયાર થઈ શકી છે, તારા હૃદયને સોંપાયેલો પાઠ ભજવવા તેને તૈયાર કરી શકી છે. તને મળેલું આ કાર્ય બહારથી તો એક સાવ લાભ વિનાની વસ્તુ જેવું જ લાગે છે. જાણે કે બહારના જગત તરફ તારે એક ઝરણની પેઠે વહ્યે જવાનું છે. એ ઝરણ પોતાનાં પાણી રેલાવતું જગત ભણી મુક્ત ભાવે વહ્યું જાય છે. પણ જગત તરફથી એ ઝરણની દિશામાં એક પણ પ્રવાહ વહી શકે તેમ નથી. એ ઝરણને તો પોતાનાં પાણી, પોતાની અખૂટ

શક્તિ, પોતાના ગહન ભીતરમાંથી જ મળી રહે છે. બહારની દિશાએથી એણે કશાની આશા રાખવાની નથી. પણ તને અત્યારથી જ દેખાવા લાગ્યું છે કે પ્રેમના આ અપાર વિસ્તારમાં કેવો તો પરમ આનંદ ભર્યો છે. પ્રેમને કશાના પ્રત્યુત્તરની જરૂર નથી. એ પોતે જ પોતાથી તૃપ્ત છે, સ્વયંતુષ્ટ છે. આ વસ્તુ વ્યક્તિગત પ્રેમ માટે પણ સાચી છે. અને દિવ્ય પ્રેમ માટે તો તે તેથીયે અનેકગણી સાચી છે. એ દિવ્ય પ્રેમ તો અનંત પરમાત્માની જ પરમ છબી છે !

'એટલે, હરેક પદાર્થમાં, હરેક સ્થળે તું આ પ્રેમ બની રહે, વધુને વધુ વિશાળ રૂપે, વધુને વધુ તીવ્ર ભાવે. અને આખું જગત તારું કાર્ય બનશે, તારી જાગીર બનશે, તારું કર્મક્ષેત્ર બનશે, તારી વિજયભૂમિ બનશે. તારામાં રહ્યાસહ્યા તિમિરને પ્રકાશિત કરવાનું કામ પ્રભુની જ્યોતિએ ક્યારનુંયે આરંભી દીધું છે. તારી ચેતનાના વિસ્તારમાં એ તિમિર હવે મોટું વિઘ્ન નહિ બને. હવે આ રહીસહી મર્યાદાઓને પણ હઠાવી દે. તારે માટે વિજય છે, ફતેહ છે. એ વિજય માટે લડી લે. આજ લગી માર્ગ રોકી બેઠેલી એકેએક વસ્તુને ઓળંગી જવાની છે. જગતને એક નવા પ્રકાશની જરૂર છે, એક નવા દૃષ્ટાંતની જરૂર છે. તારે પ્રકાશ પ્રગટાવવાનો છે. એ છે તારી લડાઈ, એ છે તારી સાધના. અંદરના કે બહારના એકેએક વિઘ્ન સામે કમર કસીને લડી લે. આ છે તારે માટેનો સાક્ષાત્કાર, સિદ્ધિનું પરમ મૂલ્યવાન મોતી.'

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧ : ૧૬૯-૭૦)

*

***માનવ માટે પ્રેમ, નારી માટે પ્રેમ, વસ્તુઓ માટે પ્રેમ, તારા પડોશીઓ પ્રત્યે પ્રેમ, તારા દેશ માટે પ્રેમ, પશુ-પ્રાણીઓ માટે પ્રેમ, માનવજાતિ માટે પ્રેમ - આ સર્વ જીવંત પ્રતીકોમાં પ્રતિબિંબિત થયેલો પ્રભુ પ્રત્યેનો પ્રેમ જ છે. પ્રેમ કર અને બધાંનો ઉપભોગ કરવા માટે, બધાંને મદદ કરવા માટે, બધાંને સદાસર્વદા પ્રેમ કરવા બળવાન બન.***

***શ્રી અરવિન્દ***

*(વિચારરત્ન-૪૮૭) (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦:૩૯૭)*



હે મારા મધુર ગુરુ, કેવી તો આતુરતાપૂર્વક મારો પ્રેમ તારા પ્રત્યે અભીપ્સા કરી રહ્યો છે...

મારી પ્રાર્થના છે કે હું કેવળ તારો જ દિવ્ય પ્રેમ બની રહું અને સૌ કોઈનામાં આ પ્રેમ પ્રબળ અને વિજયી બનીને જાગૃત થાઓ.

મને સારીયે પૃથ્વીને છાઈ વળતા પ્રેમના એક વિરાટ ઝબ્બા જેવી થઈ જવા દો, એ પ્રેમ સર્વ હૃદયોની અંદર પૂરેપૂરો પ્રવેશ કરો, સર્વ કર્ણોની અંદર તે આશા અને શાંતિના તારા દિવ્ય સંદેશનું ગુંજન કરતો બનો. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧ : ૯૩)

## દિવ્ય માતાજીનો પ્રેમ

આ મહિમાવંત પરમ ભાગવત પ્રેમ કે જે આપણી નિર્બળતાઓને લાડ લડાવતો, આપણી ભૂલોને સુધારી લેતો, આપણા ઘા રુઝાવી દેતો, પુનર્જીવન અર્પતા એના પ્રવાહોમાં આપણા આખા આત્માને અંઘોળતો, આપણા અસ્તિત્વના અંતરતમ ઊંડાણમાંથી આપણી ઉપર લળી રહ્યો છે, તે ભાગવત પ્રેમની આગળ આપણા આવેગો અને કામનાઓ, આપણી યાતનાઓ અને દારુણતાઓ, આપણી પીડાઓ અને આપણી મથામણો, તથા આપણી અનિયંત્રિત કલ્પના જેને અણઘટતો નાટકીયતાનો વેશ પહેરાવે છે તે બધા અંતરંગી ભાગ્યપલટાઓનો તે શો ભાર ? કેમકે, અંતરમાં વિરાજતી ભગવતી દિવ્યતા પોતાના પ્રભાવનો દાબ દાખવતી નથી. કોઈપણ પ્રકારનો કશો દાવો કદી કરતી નથી, કદી ડરાવતી નથી; તે તો આત્મનિવેદન કરે છે, પોતાની જાતને સમર્પી દે છે, ભૂતમાત્રના ને વસ્તુમાત્રના હૃદયમાં પોતાની જાતને છુપાવી રાખે છે ને તેને વિસારી જાય છે. તે નથી કાઢતી કોઈનો વાંક, નથી કોઈનો ન્યાયાધીશ બનતી, નથી કોઈને શાપ આપતી કે નથી કોઈને ગુન્હેગારીની સજા ફરમાવતી; પરંતુ તે સતત કાર્ય કરતી રહીને, જકડી નાખ્યા વગર પૂર્ણતા પ્રગટાવવાનો પ્રયત્ન કરે છે, ઠપકાનાં વચનો ઉચ્ચાર્યા વગર સુધારવાનું સુધારી લે છે, ધીરજ ખોયા વગર પ્રોત્સાહન આપ્યે જાય છે, પોતપોતાની ગ્રહણશક્તિ અનુસાર સૌને ય ભંડારોથી સમૃદ્ધ બનાવતી રહી છે. આ છે મા, પોતાના પ્રેમ વડે ધારણ કરતી, પોષતી, ચોકીદાર બની રક્ષા કરતી, હિતવાક્ય કહેતી, આશ્વાસન આપતી મા. તે સર્વ સમજે છે, તેટલા માટે તે બધાંને આધાર આપે છે, ભૂલો જતી કરી બધાંને માફી આપે છે, સર્વને માટે આશા સેવે છે અને સૌને તૈયાર કરે છે. સમસ્તને પોતાનામાં વહન કરતી હોવા છતાં તેની પાસે એવું કશું જ નથી કે જે સઘળાંનું ન હોય. સર્વની ઉપર તે અમલ ચલાવે છે તેથી તો તે સર્વની સેવિકા છે; ને એ કારણથી તો જેઓ તેના સમાન રાજત્વ ઇચ્છે છે તથા તેનામાં રહી દેવત્વ પામવા માગે છે તેઓ નાના હોય કે મોટા, તમામ પોતાના માનવ બંધુઓની મધ્યે આપખુદ નહીં પણ તેની માફક સેવકો બને છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૨ : ૨૨૩-૨૨૪)

*

*ઓ મારા પ્રભુ, લોકો કહે છે કે હું ગાંડો છું કારણ*
*કે મને તારામાં કશો દોષ દેખાતો નથી. પરંતુ હું જો*
*તારા પ્રેમથી ખરેખર ગાંડો થઈ ગયો હોઉં તો પછી*
*મને મારું શાણપણ પાછું મેળવવાની ઇચ્છા નથી.*

*શ્રી અરવિન્દ*

*(વિચારરત્ન-૪૪૬) (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૩૮૫)*



''શ્રદ્ધાના ઓ પરમ અને એકમાત્ર ધામ, તને અમે જે કાંઈ કહી શકીએ તેની તો તને પહેલેથી જ ખબર હોય છે, કેમ કે તું પોતે જ અમારા કથનનું મૂળ છે !

''ઓ પરમ અને એકમાત્ર મિત્ર, અમે જેવાં છીએ તેવાં જ તું અમને સ્વીકારી લે છે, તું અમને એ જ રૂપે ચાહે છે, અમારી એ સ્થિતિને બરાબર સમજે છે, કારણ કે તેં પોતે જ અમને આવાં બનાવ્યાં છે !

''ઓ પરમ અને એકમાત્ર પથદર્શક, અમારા –ઊર્ધ્વ સંકલ્પનો તું કદી વિરોધ કરતો નથી. કેમકે તું પોતે જ એ સંકલ્પમાં બેસીને સંકલ્પ આદરતો હોય છે !

''અમે જે અમારી વાતનો કોઈ સાંભળનાર, અમને સમજનાર, પ્રેમ કરનાર, પથ દર્શાવનાર માગીએ છીએ તેની ખોજ તારા સિવાય બીજે ક્યાંય કરવી એ તો મૂર્ખતા છે; કારણ અમને સાંભળવાને, સમજવાને, અમને પ્રેમ કરવાને, પથ દર્શાવવાને તું હમેશાં હાજર છે. તું અમને કદી નાસીપાસ કરનાર નથી !

(૬૪ પ્રાર્થનાઓ અને ધ્યાન : પૃ. ૧૪૭)

## દિવ્ય પ્રેમ છેક ઊંડાણોમાં પહોંચે છે

સાંભળ મારા નાનકડા બાળક ! તને લાગે છે કે તું છેક બેહાલ બની ગયો છે, છેક પતિત થઈ ગયો છે, તારી દુર્દશાને ઢાંકવા ને તારા અભિમાનને પોષવા તારી પાસે કશું જ રહ્યું નથી; છતાંય અત્યારે તું જેવો મહાન છે તેવો પૂર્વે કદી ય ન હતો ! ઊંડાણમાં ઉદ્‌બોધન પામનારો કેટલો શિખરોની નજીક છે ! કારણકે અંધાર-ખીણ જેમ વધારે ઊંડી તેમ શિખરો પોતાને વધારે પ્રગટ કરે છે.

આ તું નથી જાણતો કે વિશ્વવિસ્તારની ઉત્તમોત્તમ શક્તિઓ પોતાને વસ્ત્રાવૃત કરવા માટે પાર્થિવ તત્ત્વના ગાઢમાં ગાઢ પડદા શોધે છે ? રાજરાજેશ્વર પ્રેમ સાથે તમિસ્રમાં તમિસ્ર ઘાટગ્રાહી નમનીય માટીનાં, પરમ ઐશ્વર્યયુક્ત પ્રકાશ સાથે અંધકારની અભીપ્સાનાં, અહો ! મહાભવ્ય વિવાહમંગલો !

કઠિન કસોટીએ અને સ્ખલને જો તને નીચે નાખી દીધો હોય, દુઃખના સાગરમાં તું ડૂબી ગયો હોય, તો પણ કશો શોક કરતો નહીં, કારણકે ત્યાં જ તને દિવ્ય સ્નેહ અને પરમ આશિષ આવી મળશે. પાવનકારી દુઃખોના તપન-પાત્રમાં થઈને તું પસાર થયો છે, તેટલા માટે મહોજ્જવલ આરોહણો તારાં થયાં છે.

તું વિજન રણમાં છે તો ભલે મૌનની વાણીને સાંભળ, બહારના જગતની પ્રશંસાના અને 'વાહ વાહ' ના પોકારે તારાં શ્રવણોનું રંજન કર્યું છે, પરંતુ મૌનની વાણી તો અંતરમાં ઊંડાણોના પડઘા અને દિવ્ય સૂરતાઓનું સંગીત જગાડી તારા આત્માને આનંદિત કરશે.

તું ગહન રાત્રિમાં ગતિ કરી રહ્યો છે : તો ભલે, રાત્રિના અમૂલ્ય ખજાનાઓ ભેગા કર. ઝળહળતા સૂર્યપ્રકાશથી બુદ્ધિના માર્ગો અજવાળાય છે પણ શુભ્ર જ્યોતિષ્કોએ ભરી રાત્રિમાં પૂર્ણતાના ગુપ્ત પંથ તથા આત્માના ધનભંડારોની ગૂઢ ચાવી હાથ આવે છે.

તેં અકિંચનતાનો માર્ગ લીધો છે; એ તો તને ભરપૂર થઈ જવાની દિશામાં દોરી જાય છે. જ્યારે તારી પાસે કશું જ ન રહે ત્યારે બધું જ તને આપવામાં આવશે. જેઓ સાચા દિલના, સીધા અને સરળ છે તેઓને માટે ખરાબમાં ખરાબમાંથી ય સારામાં સારું જ નીપજે છે.

જમીનમાં વવાયેલો દરેક કણ હજાર કણ ઉત્પન્ન કરે છે. દુઃખની પાંખનું પ્રત્યેક સ્પંદ મહિમાધામે લઈ જતું ઊંડાણ બનવા સમર્થ છે.

અને વિરોધો જ્યારે માણસ ઉપર ઝનૂની હલ્લો કરે છે ત્યારે તેને દૂર કરવા માટેની પ્રત્યેક પ્રવૃત્તિ માણસને મહાન બનાવનારી જ નીવડે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૨ : ૨૨૬-૨૭)

*

## ઉદારતા પ્રેમની અભિવ્યક્તિ સ્વરૂપે

પ્રત્યેક વસ્તુને પોતાના જ સંદર્ભે મૂલવવાની આપણી ટેવને જેટલા પ્રમાણમાં આપણે છોડી શકીએ તેટલા પ્રમાણમાં આપણે સાચી રીતે અસરકારક ઉદારતાને અભિવ્યક્ત કરી શકીએ, એવી ઉદારતા જે પ્રેમ સાથે એકરૂપ હોય.

એક એવી ઊંચાઈ છે, જે ઊંચાઈએ સર્વ સદ્‌ગુણો બિરાદરીમાં ભેગાં મળતાં હોય છે : પ્રેમ, ભલમનસાઈ, કરુણા, સહનશીલતા, ઉદારતા, આ બધા સદ્‌ગુણો એમના સત્ત્વમાં એક અને સમાન છે.

આ દૃષ્ટિબિંદુથી જોતાં ઉદારતા એ પ્રેમના સદ્‌ગુણોને અમલમાં મૂકતાં જે બાહ્ય કર્મ નિર્મિત થતું હોય છે તેની વાસ્તવિક અને વ્યવહારિક અભિવ્યક્તિ છે.

એક એવી શક્તિ છે જે સર્વને આપી શકાય એમ છે, હંમેશાં આપી શકાય એમ છે. શરત એ જ કે એ એના એકદમ બિનઅંગત રૂપમાં અપાતી હોય : એ શક્તિ છે પ્રેમ, પ્રેમ જે પોતાની અંદર સમાવે છે : પ્રકાશ અને જીવન, એટલે કે બુદ્ધિ, આરોગ્ય અને ખીલતા રહેવાની સર્વે શક્યતાઓને પ્રેમ પોતાની અંદર સમાવતો હોય છે.

એક એવી ઉદાત્ત ઉદારતા હોય છે, જે આનંદી હૃદય, પ્રસન્ન આત્મ તત્ત્વમાંથી પ્રકટ થતી હોય છે. ...

એવી વ્યક્તિઓ જેઓ પ્રેમપૂર્વક પોતાની જાતને સર્વને સમર્પિત કરે છે, જેઓ સર્વની સેવક બની રહે છે, એ પરમ ઉદારતાનાં જીવંત પ્રતીકો સમાન હોય છે. (CWM2 : 105-06)

*

## પ્રેમ વૈશ્વિક છે, શાશ્વત છે

પ્રેમ એ વિશ્વની મહાન શક્તિઓમાંની એક છે. એ શક્તિ સ્વનિર્ભર છે, અને જે પદાર્થોમાં અને જે વ્યક્તિઓ દ્વારા તે આવિર્ભાવ પામે છે તેમનાથી તે સ્વતંત્રપણે કાર્ય કરે છે. જ્યાં જ્યાં શક્યતા હોય છે, તથા જ્યાં જ્યાં તેના પ્રત્યે ઉન્મુખતા હોય છે, ત્યાં ત્યાં તે આવિર્ભાવ પામે છે. તમે જેને પ્રેમ કહો છો. અને જેને તમે વ્યક્તિગત, યાને અંગત વસ્તુ માનો છો તે પ્રેમ એટલે આ વિશ્વશક્તિને તમારામાં સ્વીકારવાની, અને તેનો આવિર્ભાવ કરવાની તમારી શક્તિ. પરંતુ પ્રેમની શક્તિ વિશ્વવ્યાપી છે માટે તે અચેતન છે એવો એનો અર્થ નથી. ઊલટું, એ શક્તિ પરમ ચેતનામય અને જ્ઞાનયુક્ત હોય છે. એ શક્તિ આ પૃથ્વી ઉપર પોતાનો આવિર્ભાવ અને સાક્ષાત્કાર કરવા માટે જ્ઞાનપૂર્વક પ્રયત્ન કરે છે. જ્ઞાનપૂર્વક તે પોતાનાં કરણો પસંદ કરે છે. તેને પ્રત્યુત્તર આપી શકે તેવાઓમાં તે પોતાનાં આંદોલનો જાગ્રત કરે છે, તેમની અંદર પોતાનો શાશ્વત હેતુ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. જ્યારે કોઈ કરણ અયોગ્ય નીવડે છે ત્યારે તેને બાજુ પર મૂકી દઈ બીજા કરણની શોધ આદરે છે. માણસો એમ માને છે કે તેમનામાં એકાએક જ પ્રેમ પ્રગટી ઊઠે છે. તેઓ જુએ છે કે તેમની અંદર પ્રેમ જન્મે છે, વૃદ્ધિ પામે છે, અને છેવટે કરમાઈ જાય છે. અથવા કદીક કોઈ વધારે ધારણશક્તિવાળા પાત્રમાં થોડો વધુ વખત પણ ટકી જાય છે. પણ મનુષ્ય આ લાગણીને કેવળ પોતાની અંગત અનુભૂતિ તરીકે જ સમજે છે એ એક ભ્રમ છે. વસ્તુતઃ તો એ પેલા વિશ્વવ્યાપી સનાતન પ્રેમસાગરની જ તેમનામાં વહી આવેલી એક લહરી છે.

પ્રેમ એક વિશ્વવ્યાપી અને સનાતન તત્ત્વ છે. તે સદાસર્વદા પોતાનો આવિર્ભાવ જ કર્યા કરે

છે. અને આવિર્ભાવમાં તેનું મૂળ તત્ત્વ હંમેશા એક જ પ્રકારનું હોય છે. એ એક દિવ્ય શક્તિ છે. એના બાહ્ય વ્યાપારોમાં આપણને જે વિકૃતિઓ દેખાય છે તે તેનાં કરણોને આભારી હોય છે. વળી પ્રેમ કેવળ મનુષ્યોમાં જ પ્રગટ થાય છે એવું નથી. એ તો સર્વત્ર રહેલો છે. વનસ્પતિમાં એની ક્રિયા વિદ્યમાન છે, એ કદાચ પથ્થરમાં પણ હશે. પશુઓમાં તો એની હાજરી સહેલાઈથી જણાઈ આવે છે. આ મહાન શક્તિમાં જે કાંઈ વિકારો પ્રવેશે છે તેનું કારણ તેના માનુષી કરણની મર્યાદામાં, એ કરણમાં રહેલાં તમસ, અજ્ઞાન અને અહંતામાં રહેલું હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૩ : ૭૫-૭૬)

*

## પ્રેમને કામનાઓ હોતી નથી

પ્રેમના મૂળ સનાતન તત્ત્વમાં આસક્તિ, વાસના, સ્વામિત્વની ભૂખ, આત્મપરાયણ લોલુપતા એ બધાંમાંનું કંઈ પણ હોતું નથી. **પ્રેમ પોતાના વિશુદ્ધ રૂપમાં મનુષ્યના અંતરાત્માની ભગવાન સાથે મિલનની ઝંખનારૂપ જ હોય છે.** એ ઝંખના નિરપેક્ષ હોય છે. કોઈ પણ ગણતરીથી પર હોય છે. દિવ્ય પ્રેમ તાો પોતાનું અર્પણ જ કર્યા કરે છે, તે કશું માગતો નથી. માણસોએ એ પ્રેમના કેવા હાલ કરી મૂક્યા છે તે કહેવાની જરૂર નથી. એ પ્રેમને તેમણે એક ઘૃણાસ્પદ, વિરૂપ પદાર્થ બનાવી મૂક્યો છે. અને છતાં મનુષ્યમાં પણ જ્યારે પ્રથમ વાર પ્રેમ જાગે છે ત્યારે તેમાં પ્રેમના વિશુદ્ધ દિવ્ય તત્ત્વનો કાંઈક અંશ પણ આવ્યા વિના રહેતો નથી. ક્ષણભર તો મનુષ્યમાં પોતાની જાતને ભૂલી જવાની શક્તિ આવે છે. પ્રેમના દૈવી સ્પર્શથી તેનામાં રહેલા બધાં ઉદાત્ત અને સુંદર તત્ત્વો જાગ્રત બને છે. વિસ્તાર પામે છે. પરંતુ થોડા જ વખતમાં મનુષ્ય ઉપર તેની જૂની પ્રકૃતિ પાછી સવાર થઈ જાય છે. એના પ્રેમમાં મલિન માગણીઓ દાખલ થાય છે, સમર્પણના બદલાની આશા જન્મે છે. તે સોદા કરવા માંડે છે, પોતાની હલકી વૃત્તિઓની તૃપ્તિ માટે શોરબકોર કરી મૂકે છે. અને પ્રેમના દિવ્ય પદાર્થને તદ્દન વિકૃત અને મલિન કરી મૂકે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૩ : ૭૬)

*

## દિવ્ય પ્રેમનો આવિર્ભાવ કરવો

દિવ્ય પ્રેમનો આવિર્ભાવ કરવા માટે તેને ધારણ કરવાની શક્તિ તમારામાં હોવી જોઈએ. જે લોકો તેની દિવ્ય ગતિ પ્રત્યે ખુલ્લા હશે તેઓ જ એ દિવ્ય પ્રેમનો આવિર્ભાવ કરી શકશે. દિવ્ય પ્રેમ પ્રત્યે અંતરનું ખૂલેલું દ્વાર જેટલું વધારે વિશાળ અને વિશુદ્ધ હશે, તેટલા પ્રમાણમાં દિવ્ય પ્રેમ માનવના જીવનમાં તેના મૂળ વિશુદ્ધ રૂપે વ્યક્ત થવાનો. એથી ઊલટું નિમ્ન સ્તરોની માનુષી વૃત્તિઓ અને વાસનાઓ જોડે જેટલે અંશે તે વધારે મિશ્ર હશે તેટલે અંશે તેમાં વધારે વિકાર અને વિરૂપતા આવવાનાં. પ્રેમના મૂળ સ્વરૂપ પ્રત્યે અને તેના સત્ય પ્રત્યે જેનું અંતર ખુલ્લું નહિ થયું હોય, તે ભગવાનની સમીપ નહિ જઈ શકે. જ્ઞાનમાર્ગના અનુયાયીઓ એક એવી ભૂમિકા ઉપર આવીને અટકે છે કે જ્યાંથી આગળ ગતિ કરવા માટે તેમણે પ્રેમની

ભૂમિકામાં પણ પ્રવેશ કરવાનો રહે છે. ત્યાં તેઓ જોશે કે પ્રેમ અને જ્ઞાન ઉભય એક જ છે. એ ભૂમિકામાં જ્ઞાન એ દિવ્ય પ્રેમના સાક્ષાત્કારનો આલોક બની રહે છે અને પ્રેમ એ જ્ઞાનનું સાક્ષાત્ હૃદય બની રહે છે....

આ જગતમાં પ્રભુનો આવિર્ભાવ કરવા માટે અને પૃથ્વીના જીવનમાં રૂપાંતર લાવવા માટે અવતાર લેનારી વિભૂતિઓમાં કેટલીક એવી પણ છે કે જેમના જીવનમાં આ દિવ્ય પ્રેમ વધારે સમૃદ્ધ રૂપે થયેલો છે. કેટલાકમાં તો એનો આવિર્ભાવ એટલા બધા વિશુદ્ધ રૂપે થયેલો હોય છે કે આખી માનવજાતિ પણ તેમને સમજી શકી નથી. તેઓ દિવ્ય પ્રેમને ધારણ કરતા રહે છે તોપણ તેમના ઉપર કઠોર અને નિષ્પ્રેમ હોવાના આરોપ મુકાતા રહે છે. પરંતુ તેમનો પ્રેમ, તેનું બાહ્ય સ્વરૂપ ને આંતરિક તત્ત્વ બંને દિવ્ય હોય છે, માનુષી નહિ. માણસો જ્યારે પ્રેમ વિશે બોલે છે ત્યારે પ્રેમની સાથે લાગણીપ્રધાન ઊર્મિલ નિર્બળતાનું તત્ત્વ પણ જોડી દે છે. પરંતુ માનવજાતિ એ વાત ભાગ્યે જ જાણે છે કે દિવ્ય પ્રેમમાં તો આત્મ-વિસ્મૃતિની પરાકાષ્ઠા આવેલી હોય છે. કશી શરત કે સંકોચ વિના કશા પણ બદલાની આશા રાખ્યા વિના પોતાની જાતને અશેષપણે ન્યોછાવર કરી દેવાની શક્તિ તેનામાં હોય છે તેની માનવજાતિને ખબર પણ નથી. એ પ્રેમ જ્યારે નિર્બળ ઊર્મિઓથી મુક્ત રહીને પોતાના વિશુદ્ધ સ્વરૂપે પ્રગટ થાય છે ત્યારે માણસોને તે શુષ્ક અને કઠોર લાગે છે. એમાં રહેલા અત્યંત ઉચ્ચ અને તીવ્ર પ્રેમસામર્થ્યને તેઓ પિછાની શકતાં નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૩ : ૭૬-૭૭)

*

## દમન નહિ રૂપાંતર

હું જે દિવ્ય પ્રેમની વાત કરું છું તે આ સ્થૂલ પૃથ્વી ઉપર જડતત્ત્વમાં પોતાનો આવિર્ભાવ કરી રહેલા પ્રેમ વિશે છે. એ પ્રેમને માનવપ્રકૃતિમાં થઈ આવતી બધી વિકૃતિઓમાંથી જો મુક્ત રાખી શકાય તો જ તે અહીં મૂર્ત થવાનું સ્વીકારે તેમ છે. વિશ્વના સર્વ આવિર્ભાવોમાં પ્રાણતત્ત્વ જેટલું અનિવાર્ય છે તેટલું જ અનિવાર્ય તે દિવ્ય પ્રેમના આવિર્ભાવમાં પણ છે. પરંતુ દરેક બાબતમાં બન્યું છે તેમ અહીં પણ વિરોધી શક્તિઓએ આ અત્યંત કિંમતી વસ્તુ ઉપર પોતાનો કાબૂ જમાવી દીધેલો છે. જડ તથા સંવેદનવિહીન જડતત્ત્વમાં પ્રવેશ કરીને પ્રાણ તેને સંવેદનશીલ અને જીવંત બનાવે છે. પરંતુ વિરોધી શક્તિઓએ એ પ્રાણશક્તિમાં વિકારો પેદા કર્યા છે. તેમણે પ્રાણને હિંસા, ક્રૂરતા, સ્વાર્થ, કામના અને દરેક પ્રકારની કુરૂપતાનું ક્ષેત્ર બનાવી મૂક્યો છે અને દિવ્ય જીવનમાં ભાગ લેતાં તેને અટકાવી દીધો છે. એ પ્રાણની ગતિને બળજબરીથી દબાવી દેવાની નથી, યા તો તેનો ઉચ્છેદ કરવાનો નથી, પરંતુ તેનું રૂપાંતર કરવાનું છે. કારણ કે પ્રાણ વિના કોઈ પણ ભૂમિકામાં તીવ્રતા આવવી અસંભવિત છે. આપણી ચેતનાના આ અંશમાં નૈસર્ગિક રીતે જ અત્યંત ઔદાર્યથી પોતાનું અર્પણ કરવાનું સામર્થ્ય રહેલું છે. પ્રાણમાં વસ્તુઓને પ્રાપ્ત કરવાની વૃત્તિ અને શક્તિ રહેલી છે અને એ વૃત્તિના બળે જ અનન્ય ભાવે તે પોતાની જાતને પૂરેપૂરી અર્પણ પણ કરી દઈ શકે છે. અન્ય પદાર્થને કેવી

રીતે પ્રાપ્ત કરવો એ તે જાણે છે, તેટલા જ માટે કશું પણ બાકી રાખ્યા વિના, નિઃશેષપણે તે પોતાની જાતનો ઉત્સર્ગ પણ કરી દઈ શકે છે. પ્રાણની સાચી ક્રિયા સુંદરમાં સુંદર અને ભવ્યમાં ભવ્ય હોય છે. પરંતુ તેનામાં વક્રતા પેઠી છે, અને તે એક અત્યંત કુરૂપ, વધુમાં વધુ વિકૃત અને અત્યંત ઘૃણાસ્પદ વસ્તુ થઈ પડી છે. માનવપ્રેમની કથામાં જ્યાં જ્યાં શુદ્ધ પ્રેમનો એક પરમાણુ પણ પ્રકટ થવા પામ્યો છે અને કાંઈ પણ વિકાર વિના તેનો આવિર્ભાવ થયેલો છે, ત્યાં ત્યાં આપણને સત્યનાં અને સૌન્દર્યનાં દર્શન થાય છે. અને જો પ્રાણની એ સુંદર અને ભવ્ય ક્રિયા અલ્પાયુ નીવડે છે તો એનું કારણ એ છે કે તેને પોતાના લક્ષ્યનું, પોતાની ઝંખનાના સ્વરૂપનું જ્ઞાન નથી હોતું. પ્રાણતત્ત્વની પ્રવૃત્તિ મનુષ્ય મનુષ્ય વચ્ચે સંયોગ કરવા માટે નહિ, પણ ભૂત માત્રનો પરમાત્મા સાથે યોગ કરી આપવા માટે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૩ : ૮૦-૮૧)

*

## દિવ્ય પ્રેમની મહાન આહુતિ – પરમ બલિદાન

આ ક્લેશમય, અંધકારભર્યા જગતમાં સનાતન ચેતનાએ જગતને અને પ્રાણીઓને પાછા ભગવાન પ્રત્યે લઈ જવાના હેતુથી જે પરમ શક્તિ અવતારી તેનું નામ 'પ્રેમ' છે. અંધકાર અને અજ્ઞાનમાં ડૂબેલું પાર્થિવ જગત પ્રભુને વીસરી ગયું હતું. એ અજ્ઞાનમાં પ્રભુના દિવ્ય પ્રેમે અવતરણ કર્યું, અને અંધકારમાં જે જે સુષુપ્ત હતાં તે સર્વને તેણે જાગ્રત કરી દીધાં. બધિર થઈ ગયેલા કાનમાં તેણે હળવેથી કહ્યું કે, 'જીવનમાં જાગીને જોવા જેવી, એને ખાતર જ જીવવા જેવી પણ એક વસ્તુ છે. એ છે દિવ્ય પ્રેમ.' અને પ્રેમભાવ જાગ્રત થતાંની સાથે જ ભગવાન પ્રત્યે પુનર્ગતિ કરવાની શક્યતા પૃથ્વીમાં ઉદ્ભવી. જગત ભગવાન પ્રત્યે પ્રેમ દ્વારા ગતિ કરે છે અને તેના પ્રત્યુત્તર રૂપે, જગતને મળવા માટે ઉપરના લોકમાંથી પ્રભુનો પ્રેમ અને કરુણા નીચે ઊતરે છે. જ્યાં સુધી પૃથ્વી અને પરમાત્મા વચ્ચે આ પરસ્પર વિનિમય અને સંયોગ નથી રચાતો, જ્યાં સુધી પ્રભુ તરફથી સૃષ્ટિ પ્રત્યે અને સૃષ્ટિમાંથી પ્રભુ પ્રત્યે પ્રેમનો વ્યાપાર પ્રવૃત્ત નથી થતો ત્યાં સુધી પ્રેમ પોતાનું વિશુદ્ધ સૌન્દર્ય ધારણ કરી શકતો નથી, તેનામાં તેનું નૈસર્ગિક સામર્થ્ય અને પરિપૂર્ણતાનો તીવ્ર ઘન આનંદ પ્રગટતાં નથી.

દિવ્ય પ્રેમે આ જગતમાં પ્રવેશ કર્યો અને તેનામાં જીવનને જાગ્રત કર્યું તે પૂર્વે જગત ફક્ત એક નિશ્ચેતન જડતત્ત્વનો બનેલો પદાર્થ જ હતું. પોતાના પ્રારંભકાળથી જ જગત જીવનના એ દિવ્ય મૂળની શોધમાં નીકળ્યું છે. પરંતુ એ શોધમાં તેણે અનેક પ્રકારના ખોટા અને ભૂલભરેલા માર્ગ લીધા છે. રાત્રિના અંધકારમાં તે આમતેમ અથડાતું ભટકાતું રહ્યું છે. અજ્ઞાનની શોધમાં નીકળેલા અંધ જેવી આ આખી સૃષ્ટિ કંઈક કશુંક શોધતી પોતાને માર્ગે જઈ રહી છે. પણ પોતે શું શોધે છે તેનું તેને જ્ઞાન નથી.

સૃષ્ટિમાં અત્યાર સુધી પ્રેમની આ ગતિ વધુમાં વધુ જે કક્ષાએ પહોંચી છે તેમાં જ મનુષ્યો પ્રેમનું ઉચ્ચમાં ઉચ્ચ, વધુમાં વધુ વિશુદ્ધ અને સૌથી વધુ નિઃસ્વાર્થ રૂપ જુએ છે, – દાખલા તરીકે બાળક પ્રત્યે માતાનો પ્રેમ. પરંતુ મનુષ્યમાં કાર્ય કરી રહેલા આ પ્રેમની નિગૂઢ ઝંખના તો

કંઈક જુદી જ છે. અત્યાર સુધીમાં મનુષ્યે જે કાંઈ અનુભવ્યું છે તેથી કોઈ અન્ય વસ્તુ જ તેનું અંતિમ લક્ષ્ય છે. પણ એ લક્ષ્ય ક્યાં સિદ્ધ થશે, અરે, એ અંતિમ લક્ષ્ય શું છે તેનો પણ તેને ખ્યાલ નથી. પરંતુ જે ક્ષણે મનુષ્યની ચેતના પ્રેમના સઘળા માનવ આવિર્ભાવોથી તદ્દન નિરાળા અને સ્વતંત્ર એવા વિશુદ્ધ દિવ્ય પ્રેમનો સ્પર્શ પામે છે તે જ ક્ષણે તેને ભાન થઈ આવે છે કે પોતાનું હૃદય અત્યાર સુધી કઈ વસ્તુને સાચેસાચ ઝંખી રહ્યું હતું. અંતરાત્માની અભીપ્સાનો આરંભ એ જ ક્ષણે થાય છે. તેનામાં ભગવાન સાથે મિલનની તમન્ના જાગે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૩ : ૮૦-૮૧)

*

જગતમાં પ્રભુએ પોતાના પ્રેમનો આવિર્ભાવ એક પરમ બલિદાન રૂપે, પરમ આત્મસમર્પણ રૂપે કર્યો છે. એ સમર્પણ એટલે કે પ્રભુની પૂર્ણ ચેતનાએ જડ તત્ત્વની સાવ અચેતન અવસ્થામાં પહોંચી જવાનો, તેમાં નિમગ્ન થઈ જવાનો કરેલો સ્વીકાર. જડ તત્ત્વના એ અચેતન પેટાળમાં ચેતનાનો ઉદય થાય, તેનામાં ધીમે ધીમે દિવ્ય સામર્થ્ય પ્રકટ થાય અને આ અખિલ સૃષ્ટિ ભાગવત ચેતનાના તેના દિવ્ય પ્રેમના ઉચ્ચમાં ઉચ્ચ આવિર્ભાવનું કરણ બની રહે : પ્રભુના સમર્પણ, આત્મવિસર્જન પાછળ આ હેતુ હતો. ખરેખર, એ પ્રેમ ઘણો જ મહાન કહેવાય, એ પ્રેમથી પ્રેરાઈને જ ભાગવત ચેતના પોતાની પરમ દિવ્ય પૂર્ણ અવસ્થાનો, પોતાની પરમ ચેતનાનો અને અનંત જ્ઞાનનો લય થવા દઈને આ જગતમાંના અજ્ઞાન અને તમસ વચ્ચે નિવાસ કરવા આવી છે. અને છતાં પ્રભુના આ કર્મને કોઈ કદાચ પ્રેમનું નામ ન પણ આપે, કારણ કે એ પ્રેમ કોઈ છીછરી ઊર્મિ રૂપે ક્યાંય પ્રગટ થતો નથી, કશો બદલો માગતો નથી, પોતાના આત્મબલિદાનનું કશું પ્રદર્શન કરતો નથી.

જગતમાં વસી રહેલી એ દિવ્ય પ્રેમશક્તિ પોતાના દિવ્ય તત્ત્વને પૂર્ણ વિશુદ્ધ રૂપે ધારણ કરી શકે, તેનો આવિર્ભાવ કરી શકે એવી આધાર રૂપ ચેતનાઓ હંમેશાં શોધતી રહે છે. પ્રાણીમાત્રમાં પ્રેમ માટે જે તીવ્ર ઝંખના હોય છે, જગતના હૃદયમાં તેમ જ સર્વ હૃદયોમાં પ્રેમનો આ જે અદમ્ય આવેગ અને ખોજ રહ્યાં છે તે બધું માનવહૃદયની ઝંખનાની પાછળ છુપાઈ રહેલા દિવ્ય પ્રેમની પ્રેરણાને લીધે છે. એ પ્રેમશક્તિ લાખો હૃદયોને સ્પર્શે છે. પોતાના આવિર્ભાવ માટે યોગ્ય કરણોને એ હંમેશાં શોધતી રહી છે અને હંમેશાં નિષ્ફળ નીવડતી રહી છે. પરંતુ એનો આ સતત સ્પર્શ માનવચેતનાને વધુને વધુ તૈયાર કરતો જાય છે. અને એક દિવસ એમાં ઓચિંતી જ આત્મસમર્પણ શક્તિ જાગી ઊઠશે, પ્રેમસામર્થ્ય પ્રગટ થશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૩ : ૭૭-૭૮)

*

**પ્રેમનાં સોપાનો**

શરૂઆતમાં વ્યક્તિને જ્યારે પ્રેમ કરવામાં આવે છે ત્યારે જ માત્ર તે પ્રેમ કરતી હોય છે.

પછી, વ્યક્તિ સહજભાવે પ્રેમ કરે છે, પરંતુ પોતે સામો પ્રેમ પ્રાપ્ત કરવાની આશા રાખે છે.

અને છેવટે વ્યક્તિ શુદ્ધ અને સરળ રીતે પ્રેમ કરે છે, અન્ય કોઈ જરૂરિયાત કે આનંદની અપેક્ષા સિવાય, માત્ર પ્રેમ કરવા ખાતર જ પ્રેમ કરે છે.

*

એક એવો પ્રેમ છે જેમાં લાગણીઓ વધ્યે જતી ગ્રહણશીલતામાં અને વિકસ્યે જતી એકતામાં ઈશ્વરગામી બનતી હોય છે. અને ઈશ્વર પાસેથી એ જે પ્રાપ્ત કરે છે તે એ અન્ય વ્યક્તિઓ પ્રતિ વહેવડાવે છે. અલબત્ત, સાચી રીતે, એના બદલામાં કશી માગણી કર્યા વગર. તમે જો આ કરી શકવા સમર્થ હો તો એ જ છે પ્રેમ કરવાની ઉચ્ચોચ્ચ અને ખૂબ જ સંતોષ આપનારી રીત. (CWM 14 : 122)

*

## દૈહિક ચેતનામાં ભાગવત પ્રેમની અભીપ્સા

અહીં આ જે ફૂલ છે તેને આપણે ''દૈહિક ચેતનામાં ભાગવત પ્રેમની અભીપ્સા'' એ નામ આપ્યું છે. દૈહિકનો અર્થ દૈહિક ચેતના એમ કરવાનો છે. આ એક સામાન્ય બાહ્ય ચેતના છે, ઘણાખરા માનવીઓની સર્વસામાન્ય ચેતના છે. એ ચેતના કોઈ ઉચ્ચતર વસ્તુઓના કરતાં એશઆરામ, સારો ખોરાક, સારાં કપડાં, અનુકૂળ સંબંધો વગેરે માટે ઝંખતી હોય છે. ઉપરના મથાળાનો અર્થ એમ કરવાનો છે કે દૈહિક કે ભૌતિક ચેતના ભગવાન તેને કેવી રીતે ચાહે છે એ સિવાય અન્ય કોઈ લાગણી ધરાવતી નથી. તે એમ માને છે કે તેની રોજિંદી તૃપ્તિઓ બિલકુલ પૂરતી નથી. પણ આમાં કોઈ સમાધાન હોઈ શકે નહિ. જો ભૌતિક ચેતનાને ભગવાનનો પ્રેમ જોઈતો હોય તો તે જ એકમાત્ર હોઈ શકે. તેણે એમ નહિ કહેવું જોઈએ, ''મારે ભગવાનનો પ્રેમ જોઈશે અને સાથે સાથે બીજી આસક્તિઓ, જરૂરિયાતો, ઉપભોગો ચાલુ રાખવા પડશે...''

અભીપ્સાનું ભૌતિક કેન્દ્ર જ્યાંથી તે સત્તાના એક ભાગમાં કે અન્ય ભાગમાં પ્રસરે છે કે પ્રગટે છે તે ચૈત્ય કેન્દ્ર છે. જ્યારે હું તમને ભૌતિક ચેતનામાં અભીપ્સાની વાત કરું છું ત્યારે હું તમને તમારામાં રહેલી તે જ એક ચેતનાની વાત કરું છું જે ભૌતિક સુખસગવડ અને ક્ષેમકુશળને ઝંખતી હોય છે; તો મારે એમ કહેવાનું છે કે તમારી પ્રકૃતિના ઉચ્ચતર ભાગોના આગ્રહ વગર તમારે ભગવાનના પ્રેમની જ એકમાત્ર માગણી કરવી જોઈએ. સામાન્યતઃ તમારા ઉચ્ચતર અંશો દ્વારા તમારે તેમને પ્રકાશ ચીંધવો જોઈએ. અલબત્ત, આમ તમારે કર્યા જ કરવું જોઈશે, નહિ તો દૈહિક ચેતના તે શીખશે નહીં; પોતે પોતાની મેળે તેમ કહે તે માટે તેને પ્રકૃતિએ નિર્ણિત કરેલા યુગયુગના ચક્રાવાના ફેરા ફરવા પડશે. હા, પ્રકૃતિનો આ ચક્રાવો તેને બધી પ્રકારના શક્ય સંતોષોને સમજાવવા માટે યોજાયો હોય છે. અને એમ બધા અભાવો સંતૃપ્ત થતાં તેને ખાત્રી કરાવવાની હોય છે કે તેમાંનો એક પણ તેને સંતોષી શકે તેમ નથી અને પોતે ઊંડાણમાંથી જેને શોધી રહી છે તે ભગવાનની ઝંખના હોય છે. યોગમાં આપણે પ્રકૃતિની આ ધીરી પ્રક્રિયાને વેગ આપીએ છીએ, ભૌતિક ચેતના આ સત્યને પીછાને, ઓળખે અને ચાહે તેનો આગ્રહ રાખીએ છીએ. પરંતુ તેને એ સત્ય કેવી રીતે સમજાવવું ? જુઓ, આપણે જેમ

અંધારા ઓરડામાં પ્રકાશ લાવીએ છીએ તેમ. તમારા વધુ સંસ્કારી ભાગોની આંતરસૂઝ અને અભીપ્સા વડે તમારી ભૌતિક ચેતનાના અંધકારને ઉજાળો અને એમ કર્યાં કરો. અને પછી એક વાર તેને સમજાઈ જશે કે હલકા પ્રકારની સામાન્ય વસ્તુઓ માટેની તેની ભૂખ કેટલી વ્યર્થ અને સંતોષી ન શકે તેવી હતી. અને પછી આપમેળે સત્યની ભણી તે વળશે. આમ થયું કે તમારું જીવન પરિવર્તનને પામશે અને એ અનુભૂતિ અચૂક હશે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૩ : ૧૪૪–૪૫)

*



દિવ્ય પ્રેમ

આ પુષ્પને શ્રી માતાજીએ આપેલું આધ્યાત્મિક નામ

## પ્રેમના બદલામાં પ્રેમ આપવો જોઈએ

જગતને બદલવાના હેતુથી જો વેરના બદલામાં પ્રેમને અર્પવો જોઈએ તો, પ્રેમના બદલામાં પ્રેમ અર્પવો જોઈએ એ વધુ સ્વાભાવિક નથી લાગતું ?

જો આપણે મનુષ્યનું જીવન, તેનું કર્મ અને તેનું હૃદય, – જેવાં છે તેવાં જોઈને વિચારીએ, તો, જે દિવ્ય કૃપા જગત પર અનહદ પ્રેમ વરસાવી રહી છે, તેના બદલામાં જે વેર, તિરસ્કાર અથવા તો સૌથી વધુ ઉદાસીનતા અર્પવામાં આવે છે, તે જોઈને આપણને આશ્ચર્ય પામ્યા વિના છૂટકો નથી થતો. દિવ્ય આનંદ પ્રત્યે દોરી જવા પ્રત્યેક પળે અનહદ પ્રેમ વરસી રહ્યો છે, પણ માનવહૃદયમાં તેનો એટલો ઓછો પડઘો પડે છે કે તે જોતાં આશ્ચર્ય થાય છે. પરંતુ લોકોને દુષ્ટ પ્રત્યે, ખામીવાળા પ્રત્યે, વિરૂપ પ્રત્યે, પરાજય પામેલાઓ પ્રત્યે, નિષ્ફળ ગયેલા પ્રત્યે જ માત્ર હમદર્દી હોય છે, – ખરું જુઓ તો એથી દુષ્ટતાને અને નિષ્ફળતાને ઉત્તેજન મળે છે.

જો આપણે આ પ્રશ્નના આ પાસા પર કંઈક વધુ વિચારીશું તો આપણને વેરના બદલામાં પ્રેમ આપવાની આવશ્યકતા પર આગ્રહ રાખવાની ઓછી જરૂરિયાત જણાશે. કારણ કે, જો માનવહૃદય તેના પર વરસી રહેલા પ્રેમનો સંપૂર્ણ સચ્ચાઈથી સાહજિક રીતે ઉદ્ભવતા પ્રેમની સમજપૂર્વકની અને કદરદાની ભરેલી કૃતજ્ઞતાપૂર્વક પ્રત્યુત્તર વાળે તો જગતમાં ઝડપથી પરિવર્તન થાય. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૩ : ૨૦૧)

*

## દિવ્ય પ્રેમની પ્રાપ્તિ

કેટલાક લોકો એમ માને છે કે એક દિવસ અમુક પ્રકારના મૂડમાં જાગીને પોતાની જાતને એમ કહીએ કે, 'આહ ! દિવ્ય પ્રેમ વિશે હું સભાન થઉં, ભાગવત પ્રેમની હું અભિવ્યક્તિ કરી શકું તો કેવું સારું...' ધ્યાન રાખજો, હું કહી શકતી નથી કે કેટલી લાખ વાર એવું બનતું હશે કે જ્યારે તમારામાં કોઈ માનવ લાગણીનો જરાક જેટલો સળવળાટ થતો અનુભવાતો હશે અને તમને એવી કલ્પના આવતી હશે કે જો તમારી પાસે દિવ્ય પ્રેમનું સાધન હોય તો તમે મહાન વસ્તુઓ સિદ્ધ કરી શકો તેમ છો અને પછી તમે કહેતા હો છો 'હું ભાગવત પ્રેમની શોધ કરવા પ્રયત્ન કરવાનો છું અને જોઈએ પછી શું પરિણામ આવે છે.' આ ખરાબમાં ખરાબ રીત છે. કારણ કે સિદ્ધિની શરૂઆતનો સ્પર્શ સરખો પ્રાપ્ત કર્યા વિના જ તમે પરિણામને બગાડી મૂકો છો. તમારે તમારી શોધની શરૂઆત શુદ્ધ અભીપ્સા અને સમર્પણ દ્વારા કરવી જોઈએ અને એમની પ્રાપ્તિ પણ સહેલી નથી હોતી. આ પ્રેમ અભીપ્સા માટે કરવા જેટલી તૈયારી કરવા માટે પણ તમારે તમારી જાત ઉપર ઘણું કાર્ય કરવું પડે તેમ હોય છે. તમે તમારી જાત તરફ જો તદ્દન સચ્ચાઈપૂર્વક, તદ્દન સીધી દૃષ્ટિ નાખશો તો જણાશે કે જેવું તમે પ્રેમ વિશે વિચારવાની શરૂઆત કરો છો કે તરત તમારામાં આ અંદરનો ઉત્પાત ચક્કર લેવા લાગે છે. જે કાંઈ તમારામાં અભીપ્સા કરી રહ્યું હોય છે તે અમુક પ્રકારની ગતિનાં આંદોલનોની જ માગણી કરી રહ્યું હોય છે. યોગસાધનાના પંથે સારા પ્રમાણમાં પ્રગતિ કર્યા સિવાય, પ્રેમ

વિશેના તમારા ખ્યાલમાંથી પ્રાણમય તત્ત્વ, પ્રાણમય આંદોલનને જુદું પાડવું લગભગ અશક્ય હોય છે. હું જે કહું છું તે માણસોના કાળજીપૂર્વકના અનુભવોને પરિણામે કહું છું. તો તમારા માટે, તમે જે અવસ્થામાં છો તેમાં, તમે જેવા છો તેવા હોવાને કારણે, જો તમને શુદ્ધ દિવ્ય પ્રેમનો સંપર્ક થશે તો તે તમને બરફ કરતાં પણ વધુ ઠંડો, અથવા ખૂબ દૂર દૂરનો, એટલો બધો ઊંચાઈવાળો લાગશે કે તમારો શ્વાસ અદ્ધર થઈ જાય; એ વસ્તુ એવી હશે કે જાણે તમે કોઈ પર્વતના શિખરે ઊભા હો અને ત્યાં તમે ઠરી જતા હો અને શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હોય; તમારી સામાન્ય લાગણીઓથી એ એટલો બધો દૂર હશે. દિવ્ય પ્રેમની આસપાસ જો ચૈતસિક કે પ્રાણમય આંદોલનનું આવરણ નથી હોતું તો માનવપ્રાણીને તેનું સંવેદન થવું મુશ્કેલ વસ્તુ બને છે. તમને કૃપાના અસ્તિત્વનો આભાસ થઈ શકે છે, એક એવી કૃપા કે જે એટલી બધી દૂરની, એટલી ઊંચાઈએ આવેલી, એટલી બધી શુદ્ધ, એટલી બધી નિર્વૈયક્તિક હશે કે... હા, તમને કૃપાના અસ્તિત્વનો આભાસ થઈ શકે છે પણ પ્રેમની લાગણી થવી મુશ્કેલ હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૪ : ૨૭૨-૭૩)

*

પ્રેમ માટેની એક એવી તરસ હોય છે જેને કોઈ માનવ સંબંધ છીપાવી શકતો નથી. માત્ર ઈશ્વરનો પ્રેમ જ એ તરસને સંતોષી શકે છે.

*

તેઓ હંમેશાં પ્રેમના અધિકારોની વાત કરતાં હોય છે; પરંતુ પ્રેમનો એકમાત્ર અધિકાર છે : આત્માર્પણનો અધિકાર.

*

આત્માપર્ણ વગર પ્રેમ હોય નહિ; પરંતુ માનવપ્રેમમાં આત્માપર્ણ બહુ વિરલ હોય છે. માનવપ્રેમ સ્વાર્થીપણું અને માગણીઓથી સભર ભરેલો હોય છે. (CWM 14 : 121)

*

## સાચો પ્રેમ અને માનવજાતિ

'તું મને પ્રેમ કરીશ તો હું તને પ્રેમ કરીશ !' માણસો એ જ રીતે બોલતા હોય છે. 'તું મને પ્રેમ કરે, તો હું તને પ્રેમ કરું, તું મને પ્રેમ ના કરે, તો હું તને પ્રેમ નહિ કરું,' બરાબર આ જ રીતે માણસ પ્રેમને વ્યક્ત કરે છે. એ વસ્તુ હજી આગળ વધે છે, માણસો પ્રભુ સાથેના સંબંધમાં પણ એ જ રીત લાગુ પાડે છે. લોકો ભગવાનને કહે છે : 'હું જે માગું તે તમે કરશો તો હું કહીશ કે તમે મને પ્રેમ કરો છો અને હું તમને પ્રેમ કરીશ. પણ હું માગું તે તમે જો નહિ કરો તો હું એમ નહિ માનું કે તમે મને પ્રેમ કરો છો અને હું તમને પ્રેમ નહિ જ કરું.'

એવું છે. બીજા શબ્દોમાં કહીએ તો એ વેપારી રીતની વસ્તુ બની જાય છે.

એથી યે વધારે સારી વસ્તુ તો એ છે કે તમને પ્રેમ કરવામાં આવે છે કે નહિ એ બાબતનો

પ્રશ્ન જ ન કરવો, તમારે માટે એ વસ્તુ જરા પણ મહત્ત્વની રહેતી નથી. અને સાચો પ્રેમ એ રીતે શરૂ થાય છે. તમે પ્રેમ કરો છો, કારણ કે તમે પ્રેમ કરતા હો છો, એમાં તમારા પ્રેમનો ઉત્તર મળતો હોય છે અથવા તો બીજી વ્યક્તિ તમને પ્રેમ કરતી હોય છે એ કારણ જરા પણ હોતું નથી. આ બધી શરતો એ પ્રેમ નથી. તમે પ્રેમ કરો છો કારણ કે તમે પ્રેમ કરતા હો છો. તમને જરા પણ પરવા નથી રહેતી કે શું થશે, પ્રેમની લાગણીથી તમને સંપૂર્ણ સંતોષ હોય છે. તમે પ્રેમ કરો છો કારણ કે તમે પ્રેમ કરતા હો છો.

બાકીનું બધું એ સોદો કરવાનું હોય છે, એ પ્રેમ હોતો નથી.

વળી, એક વસ્તુ તો ચોક્કસ છે : જે ક્ષણે તમે સાચા પ્રેમમાં પ્રવેશ કરતા હો છો તે પછી કોઈ પ્રશ્નો કરતા નથી. પ્રશ્નો પૂછવાનું એ તમને તદ્દન બાલિશ લાગે છે, હાસ્યાસ્પદ અને ક્ષુદ્ર લાગે છે. તમે આનંદ અને સાક્ષાત્કારની સંપૂર્ણ સભરતામાં પહોંચી ગયેલા હો છો. તમે સાચા પ્રેમમાં પ્રવેશ કરો છો પછી તમારે કોઈ રીતના ઉત્તરની જરૂર રહેતી નથી. તમે જ એ પ્રેમ હો છો, બસ. પ્રેમમાં મળતી તૃપ્તિની સભરતા તમને મળી ગઈ હોય છે. ઉત્તરની એમાં જરા પણ જરૂર રહેતી નથી.

હું તમને કહું કે જ્યાં સુધી તમારા મનમાં કે તમારી લાગણીઓમાં અને સંવેદનોમાં કાંઈક ગણતરી હશે, જ્યાં લગી એમાં કોઈ ગણતરી હશે, પછી તમે એનો થોડોઘણો સ્વીકાર કરતા હો કે ન હો, એ સોદો હોય છે, પ્રેમ નહિ.

માણસો જેને પ્રેમ કહે છે ત્યાંથી માંડીને સાચા પ્રેમ સુધી પહોંચવું એ તો ખૂબ લાંબો લાંબો રસ્તો છે ખૂબ જ લાંબો રસ્તો. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૫ : પૃ. ૩૫૨-૫૩)

*

## ચૈત્ય પ્રેમની નિઃસ્વાર્થ, ગણતરીવિહીન ગતિવિધિ

કોઈ પણ પ્રકારની ગણતરીવિહોણી નિઃસ્વાર્થી મનોવૃત્તિ એ આ જગતમાં ચૈતસિક ચેતનાનું એક અત્યંત સુંદર રૂપ છે. પરંતુ જેમ જેમ મનુષ્યમાં મનોમય ક્રિયાશીલતા વધતી જાય છે તેમ તેમ એવી વૃત્તિ નહિવત્ બનતી જાય છે. કારણ કે બુદ્ધિના આગમન સાથે બધી રીતની કારીગીરી, ચાલાકી, ભ્રષ્ટાચાર અને ગણતરીબાજી પણ આવે છે. ઉદાહરણ તરીકે, જ્યારે કોઈ ગુલાબ ખીલી ઊઠે છે ત્યારે તે પોતાની મેળે એમ કરે છે, કેવળ સુંદર બનવાના આનંદને ખાતર, મધુર સુગંધના આનંદને ખાતર, જીવનનો આનંદ વ્યક્ત કરવાને ખાતર. એ કોઈ ગણતરી માંડતું નથી, એને કોઈ નફો પડાવી લેવો હોતો નથી; એ તો પોતે પુષ્પરૂપે બની રહેવા અને જીવવાના સ્વયંભૂ આનંદને ખાતર એમ કરે છે. બીજી તરફ કોઈ મનુષ્યનો દાખલો લો. ત્યારે એમાં તો (બહુ થોડા અપવાદોને બાદ કરતાં) જે ક્ષણથી એનું મગજ સક્રિય બને છે ત્યારથી જ એ પોતાના સૌંદર્યમાંથી, પોતાના કલાકૌશલ્યમાંથી નફો ઉપજાવવા પ્રયત્ન કરે છે; એ વસ્તુ એને કશુંક મેળવી આપે, લોકોનો આદરભાવ પ્રાપ્ત કરાવે, અને એથી પણ વધુ ઘૃણાપાત્ર ગણતરીઓ એની અંદર હોય છે. એટલે, ચૈતસિક દૃષ્ટિએ જોતાં, મનુષ્યો કરતાં એક

ગુલાબનું ફૂલ વધુ ઊંચી કક્ષાનું હોય છે.

એ તો જ્યારે તમે તમારા વિકાસની કક્ષામાં એક પગથિયું વધુ ઊંચે ચડો, અને જે વસ્તુ એક ગુલાબનું ફૂલ અભાનપણે કરે છે, તે જ વસ્તુ તમે સભાનપણે કરો તો પછી એક અતિ ઘણી સુંદર વસ્તુ બને છે. પરંતુ એમાં વસ્તુતઃ ગતિ એ જ રીતની હોવી જોઈએ : સૌંદર્ય આપોઆપ જ ખીલી નીકળવું જોઈએ, એમાં કોઈ રીતની ગણતરી ન હોવી જોઈએ, એમાં તો હવે કેવળ જીવનનો આનંદ જ હોવો જોઈએ. આવી વસ્તુ કેટલીક વાર નાનાં બાળકોમાં હોય છે (કેટલીક વાર, હંમેશાં તો નહિ). કમનસીબે, એમનાં માતાપિતા અને આજુબાજુનાં વાતાવરણને લઈને એ લોકો (બાળકો) પણ જ્યારે ખૂબ નાનાં હોય છે ત્યારે આ વસ્તુ શીખે છે.

પરંતુ પોતાની પાસે જે કાંઈ હોય છે અથવા પોતે જે કાંઈ કરે છે તેમાંથી નફો તારવવાની આ વૃત્તિ, જગતમાંની કુરૂપમાં કુરૂપ વસ્તુઓમાંની એક છે. અને એ વસ્તુ વધુમાં વધુ ફેલાવો પામેલી વસ્તુઓમાંની એક છે અને એ ફેલાવો એટલો બધો છે કે એ વસ્તુ મનુષ્યમાં એક સ્વાભાવિક સરખી વસ્તુ બની ગઈ છે. આ રીતની નફો તારવવાની અને ગણતરીઓ માંડવાની વૃત્તિ સરખી બીજી એવી કોઈ વૃત્તિ નથી કે જેણે પ્રભુ પ્રત્યે આટલી બધી પૂર્ણ રીતે પોતાની પીઠ ફેરવી લીધી હોય. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૫ : પૃ. ૩૫૬-૫૭)

*


**સાચો પ્રેમ કેમ કરવો તે જાણવા માટે પ્રકૃતિનું રૂપાંતર થવું જ જોઈએ ?**

પ્રેમની ગુણવત્તા તમારી ચેતનાના રૂપાંતરના પ્રમાણ ઉપર હોય છે.

*મને સમજાયું નહિ.*

આ તો બાળક પણ સમજી શકે એટલું સહેલું છે. જો તમારામાં પ્રાણીની ચેતના હશે, તો તમે પ્રાણીની માફક પ્રેમ કરતા હશો. જો તમારી ચેતના સામાન્ય માણસની હશે તો તમે સામાન્ય માનવી જેમ પ્રેમ કરશો. તમે ઉત્તમ વ્યક્તિની ચેતના ધારણ કરતા હશો તો તમારો પ્રેમ ઉત્તમ વ્યક્તિ જેવો હશે અને જો તમે દેવની ચેતના ધારણ કરતા હશો તો તમારો પ્રેમ દેવના જેવો હશે. તે સહેલું છે ! મેં આ પ્રમાણે કહ્યું છે. અને તેથી જો પ્રગતિ અને આંતરિક રૂપાંતર માટે પ્રયત્ન કરવામાં આવે અને અભીપ્સાથી વિકાસ સાધવામાં આવે તો તમે એક ચેતનામાંથી બીજી ચેતનામાં પસાર થાઓ અને તમારી ચેતના વધારે ને વધારે વિશાળ થાય અને તમે જે પ્રેમનો અનુભવ કરો છો તે પણ વધારે ને વધારે વિશાળ થતો જાય. હવે બરાબર સ્પષ્ટ થયું !

તમે શુદ્ધતમ જળ લો છો. સ્ફટિક જેવા પારદર્શક પહાડોમાંથી, તમે એક મોટા વાસણમાં તેને એકઠું કરો છો અને તમારા વાસણમાં થોડો કે વધારે કાદવ હોય, કે વધારે જથ્થામાં અને પછી તમે એમ કહી શકતા નથી કે જે પાણી નીચે આવ્યું તેનું તે જ પાણી તે છે. તેમ છતાં તે પાણી તો તે જ છે. પરંતુ તમારા પાત્રમાં રહેલી ઘણી બધી વસ્તુઓ સાથે તમે તેનું એટલું બધું મિશ્રણ કરેલું છે કે તે પાણીની સાથે હવે તેની સરખામણી પણ થઈ શકે નહીં ! વારુ, પ્રેમ તેના



શ્રી અરવિન્દ

મૂળ તત્ત્વમાં પૂરેપૂરો પવિત્ર સ્ફટિક જેવો સ્વચ્છ અને પૂર્ણ વસ્તુ છે; પરંતુ માનવચેતનામાં ઠીક ઠીક પ્રમાણમાં કાદવની સાથે તે ભેળસેળ થઈ જાય છે. એટલે જેટલા પ્રમાણમાં કાદવનો જથ્થો હોય તેટલા પ્રમાણમાં તે કાદવયુક્ત મલિન બની જાય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૬ : પૃ. ૧૦૦-૧૦૧)

*

## પ્રેમ શું છે એ જાણવા માટે વ્યક્તિએ ઈશ્વરને પ્રેમ કરવો જ જોઈએ.

બીજાને પ્રેમ કરવો ? મેં ત્યાં તમને કહ્યું છે કે એ અશક્ય છે. મેં તમને કહ્યું છે કે, જો કોઈને જાણવું હોય કે પ્રેમ શું છે તો તેણે દિવ્ય પ્રભુને જ પ્રેમ કરવો જોઈએ.... તો જ પ્રેમ શું છે તે જાણવા મળે. મેં કહ્યું છે કે જે જેને ચાહે, તેના જેવા બને છે. એટલે જો કોઈ પ્રભુને ચાહે તો ધીરે ધીરે, આ પ્રેમના પ્રયત્નમાંથી તે વધારેને વધારે પ્રભુ જેવો બનતો જાય છે અને પછી તે પ્રભુના દિવ્ય પ્રેમ સાથે ઐક્ય સાધે છે, અને તેને તે શું છે તે જાણી શકે છે, નહીં તો વ્યક્તિ જાણી શકે નહીં,

એ સ્પષ્ટ છે કે, બે માનવી વચ્ચેનો પ્રેમ ગમે તે પ્રકારનો હોય તો પણ તે અજ્ઞાન, સમજનો અભાવ, નબળાઈ અને વિરહની તીવ્ર ભાવનાનો બનેલો છે. એ જાણે એવું છે કે, કોઈને એક પરમ ભવ્યતાની હાજરીમાં પ્રવેશ કરવો હતો અને તેણે પ્રથમ વસ્તુ એ કરી કે વચ્ચે એક પડદો, બે પડદાઓ, ત્રણ પડદાઓ પોતાની જાત વચ્ચે અને પેલી ભવ્ય પ્રતિભા વચ્ચે મૂક્યા અને પછી પોતાને પૂરેપૂરું આશ્ચર્ય થાય છે કે કાંઈક ઝાંખી વસ્તુ દેખાય છે અને તે વસ્તુનું પૂરેપૂરું દર્શન થતું નથી. સૌથી પ્રથમ વસ્તુ તો પડદાઓને ખસેડી નાખવાનું છે. તેમને ઉઠાવી લેવાના છે, આરપાર જવાનું છે અને તે ભવ્ય પ્રતિભાની હાજરીમાં પોતાની જાતને મૂકવાની છે અને પછી તમે જાણશો કે તે પરમ ભવ્યતા શું છે. પરંતુ જો તમે તમારી જાત અને તેની વચ્ચે એક પછી એક પડદા મૂકતા જશો તો તેનું તમને કદી દર્શન થશે નહિ. તમને એક પ્રકારની અસ્પષ્ટ લાગણી થઈ શકે છે, જેવી કે ''અહો ! અહીં કાંઈક છે,'' બસ એટલું જ.

સ્વાભાવિક રીતે જ, આ બધા માણસો જેઓ ભવ્ય પ્રભુનાં દર્શન કરવાની દરકાર કરતા નથી, જેઓ તેની સામે પીઠ ફેરવે છે અને પોતાની સહજવૃત્તિઓમાં જીવે છે તેઓ થોડાક પૂર્ણ બનેલા ફક્ત પ્રાણીઓ જ છે. આપણે તેમના વિશે વાત નહિ કરીએ. આપણે તેમને તેમના રસ્તે જ જવા દઈશું. તેઓ ગમે તે કરે, તેની આપણા માટે કોઈ અગત્ય નથી. તેઓ આપણને અસર કરતા નથી. મેં આ બધી વસ્તુઓ તેઓના માટે લખેલી નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૬ : પૃ. ૯૯-૧૦૦)

*

## પ્રેમ આપીને સંતોષ માનો

એટલે શ્રેષ્ઠ માર્ગ એ છે કે ગમે તે રૂપમાં પ્રેમ આવે ત્યારે માણસે પ્રયત્ન કરવો, તેના બાહ્ય આભાસને ભેદીને પીઠમાં રહેલા દિવ્ય તત્ત્વને શોધી કાઢવું, જે તત્ત્વ તે પ્રેમને અસ્તિત્વ આપી

રહ્યું હોય છે. સ્વાભાવિક રીતે જ, એમાં પાશો અને મુશ્કેલીઓ રહેલાં જ છે; પણ તે વધારે અસરકારક છે. અર્થાત્ માણસ ખોટી રીતે પ્રેમ કરે છે, માટે પ્રેમ જ ન કરવો – તેને બદલે તેણે ખોટી રીતે પ્રેમ કરવાનું બંધ કરવું જોઈએ અને સાચી રીતે પ્રેમ કરવાની ઇચ્છા રાખવી જોઈએ.

દા.ત. માબાપનો બાળકો પ્રત્યે પ્રેમ, બાળકોનો માતા-પિતા પ્રત્યે પ્રેમ, ભાઈઓનો અને બહેનોનો પ્રેમ, મિત્રોનો અને પ્રેમીઓનો પ્રેમ – માનવો વચ્ચે સર્વ રૂપોમાં પ્રગટ થતો પ્રેમ અજ્ઞાનથી, સ્વાર્થમયતાથી, માનવની સામાન્ય બીજી ન્યૂનતાઓથી દૂષિત થયેલો હોય છે. એટલે પ્રેમ કરવો તદ્દન બંધ કરી દેવાને બદલે – (જે કરવું તેને શ્રી અરવિન્દ બહુ કઠિન કહે છે) –, જેથી હૃદય તદ્દન શુષ્ક બની જાય અને કશો હેતુ સરે નહિ, તેના કરતાં માણસે વધારે સારી રીતે પ્રેમ કરતાં શીખવું જોઈએ. ભક્તિ-પૂર્વક, આત્મ-સમર્પણપૂર્વક, નિઃસ્વાર્થ રીતે માણસે પ્રેમ કરતાં શીખવું જોઈએ. તેણે પ્રેમની સામે નહિ, પણ તેનાં વિકૃત રૂપો સામે ઝઘડવું જોઈએ. મૉનોપોલી, આસક્તિ, માલિકીની ભાવના, અદેખાઈ વગેરે નિમ્ન પ્રેમમાં આવતી વસ્તુઓ સાથે માણસે ઝઘડવું જોઈએ. પ્રેમમાં માણસે પ્રભુત્વની, પોતાની ઇચ્છા સામા પક્ષ પર લાદવાની, પોતાની કામનાઓ – તરંગો બીજા પર લાદવાની ઇચ્છાનો ત્યાગ કરવો જોઈએ. લેવાની નહિ, પણ આપવાની ઇચ્છા રાખવી જોઈએ. બીજાના પ્રત્યુત્તર માટે આગ્રહ રાખવાને બદલે, માણસે માત્ર પોતામાં રહેલા પ્રેમથી સંતોષ માનવો જોઈએ. પોતાનો અંગત હેતુ, સુખ, કામના સિદ્ધ કરવાની ઇચ્છાને બદલે પોતાનો પ્રેમ આપવામાં સંતોષ માનવો જોઈએ, કોઈ પ્રત્યુત્તરની માગણી ન કરવી જોઈએ. માત્ર પ્રેમ કર્યાથી જ સુખી બનવું જોઈએ, તેથી વધારે કાંઈ જ નહિ.

જો તમે તે કરો, તો તમે મહાન પગલું આગળ ભર્યું ગણાય. આ વલણ દ્વારા તમે ધીમે ધીમે તે લાગણીમાં આગળ વધી શકો, અને એક દિવસ સાક્ષાત્કાર કરી શકો કે પ્રેમ એ કોઈ અંગત વસ્તુ નથી, તે એક વૈશ્વિક દિવ્ય અનુભૂતિ છે, જે તમારી મારફતે ઓછા-વત્તા પ્રમાણમાં સુંદર રીતે વ્યક્ત થાય છે, પણ જે તેના સ્વાભાવિક રૂપમાં કોઈક દિવ્ય વસ્તુ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૮ : પૃ. ૨૮૨-૨૮૩)

*

## નિઃસ્વાર્થ બનવાનું પ્રથમ સોપાન

પ્રથમ પગલું છે – સ્વાર્થી ન બનવું તે. દરેક જણને તે જ વાત લાગુ પડે છે, માત્ર યોગ કરવા માગતા લોકોને જ નહિ, પણ સામાન્ય જીવનમાં પણ. જો માણસ પ્રેમ કેવી રીતે કરવો તે જાણવા માગતો હોય, તો તેણે પ્રથમ પોતાને જ સ્વાર્થમયતાપૂર્વક ન ચહાવું જોઈએ. તેણે સામા પક્ષ પાસેથી કશી અપેક્ષા રાખ્યા સિવાય પ્રેમીને પોતાની જાત આપી દેવી જોઈએ. આ શિસ્ત પોતાની જાતની પાર જવા માટે અને તદ્દન સ્થૂલ નહિ એવા પ્રકારનું જીવન જીવવા માટે પ્રાથમિક છે.

યોગ માટે આપણે બીજા કાંઈકનો ઉમેરો કરીએ. મેં શરૂઆતમાં કહ્યું તેમ, પ્રેમના આ

મર્યાદિત અને માનવી રૂપને ભેદીને પાર જવાનો સંકલ્પ હોવો જોઈએ અને તેની પીઠમાં રહેલા દિવ્ય પ્રેમના તત્ત્વને શોધી કાઢવું જોઈએ. તો પછી તેને જરૂર પરિણામ પ્રાપ્ત થવાનું. પોતાના હૃદયને શુષ્ક બનાવી દેવા કરતાં આ વધારે સારું છે. કદાચ તે જરાક વધારે કઠિન છે, પણ તે દરેક રીતે વધારે સારું છે, કારણ કે અહંતાપૂર્ણ રીતે બીજાઓને દુઃખી કરવાને બદલે, આમ કરવાથી માણસ તેમને તેમની ગતિમાં શાન્ત રહેવા દે છે. તે બીજાઓ પર પોતાનો સંકલ્પ લાદવાને બદલે પોતાની જાતનું રૂપાંતર કરવા પ્રયત્ન કરે છે. આ વસ્તુ સામાન્ય જીવનમાં પણ કોઈક ઉચ્ચતર અને વધારે સંવાદમય વસ્તુ પ્રત્યેનું પગલું છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૮ : પૃ. ૨૮૩-૨૮૪)

*

## દિવ્ય પ્રેમ હંમેશાં હોય છે જ

પ્રભુનો પ્રેમ તો કાયમ જ તેની પૂર્ણ તીવ્રતા સાથે હોય છે જ, પ્રચંડ શક્તિ પણ. ઘણાખરા માણસોને – નેવું ટકાને – તેની બિલકુલ અસર થતી નથી. તેમને જેટલો અનુભવ થાય તે, જેટલા પ્રમાણમાં તેઓ ગ્રહણ કરી શકે એટલી શક્તિના પ્રમાણમાં હોય છે. દા.ત. તમે કલ્પના કરો કે પ્રભુના દિવ્ય પ્રેમથી રણઝણતા વાતાવરણમાં તમે નહાઓ છો કે તમે તેના વિશે બિલકુલ સભાન નથી. કોઈક વખત, ભાગ્યે જ, થોડી ક્ષણો માટે તમને 'કોઈક' વસ્તુની અસર થાય છે. પછી તમે કહો છો, ''અહા, પ્રભુનો પ્રેમ મારી પાસે આવ્યો છે !'' કેવી મજાક ! એ તો ફક્ત એટલું જ છે કે, તમે કોઈ એક બીજા કારણસર. એક જરા જેટલા ખુલ્લા થયા અને તેથી તમને અસર થઈ. પણ તે તો ત્યાં કાયમ જ દિવ્ય ચેતનાની માફક હાજર છે જ. સર્વ સમયે. તેની પૂર્ણ તીવ્રતા સહિત; પણ વ્યક્તિ તે વિશે સભાન નથી હોતી. અથવા આ રીતની તૂટક તૂટક સભાનતા હોય છે. ઓચિંતા કોઈ સારી અવસ્થામાં હોય છે અને તેને કાંઈક અનુભવ થાય છે, અને બોલી ઊઠે છે, ''અહો ! દિવ્ય ચેતના, દિવ્ય પ્રેમ મારા તરફ વળ્યા છે, અને મારી અંદર આવ્યા છે !'' એ એવું બિલકુલ નથી. કોઈને એક સહેજ નાનું છિદ્ર ખુલ્લું થાય, ઘણું નાનું, કોઈક વખત ટાંકણીના માથા જેટલું અને સ્વાભાવિક રીતે જ તે શક્તિ અંદર ધસી આવે છે. કારણ કે તે એક સક્રિય વાતાવરણ જેવું છે; એક સહેજ જેટલી પણ ગ્રહણશીલતાની શક્યતા ઊભી થાય કે તે ગ્રહણ થાય છે. અને બધી દિવ્ય વસ્તુઓ માટે આમ જ બને છે. તે બધી ત્યાં છે, ફક્ત વ્યક્તિ તેને સ્વીકારતી નથી. કારણ કે પોતે બંધ હોય છે, અટકી જાય છે અને તેઓ બીજી બધી વસ્તુઓ સાથે ઘણોખરો સમય વ્યસ્ત હોય છે. ઘણોખરો સમય માણસ પોતાની જાતથી જ સભર હોય છે. અને જ્યારે માણસ પોતાનામાં જ વ્યસ્ત હોય છે ત્યારે બીજી વસ્તુઓ માટે જગ્યા રહેતી નથી. માણસ બહુ સક્રિય રીતે (હસતાં હસતાં) બીજી વસ્તુઓથી વ્યસ્ત છે. માણસ વસ્તુઓથી ભરેલો હોય છે, પ્રભુ માટે ત્યાં જગ્યા જ નથી.

પણ પ્રભુ તો ત્યાં છે જ. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૬ : પૃ. ૧૩૨-૧૩૩)

## ઈશ્વરનો પ્રેમ : રૂપાંતરની પરમ શક્તિ

તમારે જે કાંઈ કરવાનું છે તે ભગવાનની કૃપાને તમારું સર્વ કંઈ સોંપી દેવાનું છે. કારણ કે, પ્રથમ તિરોભાવ સ્થપાયા પછી તેણે કૃપાને રૂપે, પ્રેમને રૂપે, જગતને ઉદ્ધરવાનું કબૂલ્યું છે. દિવ્યની દૃષ્ટિએ રૂપાંતરની ચરમ શક્તિ પ્રેમ છે. તેની પાસે આ શક્તિ છે; કારણ કે, તેણે રૂપાંતરની ખાતર પોતાની જાતને આમ સમર્પિત કરી છે, સર્વત્ર પ્રગટ કરી છે. માત્ર મનુષ્યમાં તેણે પોતાની જાતને ઓતપ્રોત કરી છે એમ નથી, પણ જગતને પોતાના અસલી સત્ય તરફ આણવા માટે તેણે જડ પદાર્થના અત્યંત અંધ બધા અણુઓમાં પણ સમાવિષ્ટ કરી છે. ભારતીય ધર્મગ્રંથોમાં જેને પરમ યજ્ઞ કહેવામાં આવ્યો છે, તે આ છે. પરંતુ માત્ર માનવીય દૃષ્ટિબિંદુથી આ યજ્ઞ કહેવાય. માનવનું મન વિચારે છે કે જો તેણે આમ કરવું હોય તો તે એક પ્રચંડ યજ્ઞ થાય. પરંતુ દિવ્ય આમ કાંઈ ક્ષીણ થાય નહીં, તેનું અનંત સત્ત્વ ઊણું થાય નહીં, – પછી ભલેને ગમે તેટલા ''યજ્ઞો'', – બલિદાનો અપાય.... જે ક્ષણે તમે દિવ્ય પ્રેમ પ્રત્યે ખુલ્લા થાઓ છો, તે ક્ષણે તેની રૂપાંતરની શક્તિ તમારામાં ઊતરે છે. પણ તમે તેનું માપ જથ્થાની દૃષ્ટિએ નહિ કાઢી શકો, જે જરૂરી છે તે સાચો સંયોગ છે; કારણ કે, તમને જણાશે કે તેની સાથેનો એ સાચો સંયોગ તમારી સમગ્ર સત્તાને તરત જ સભર ભરી દેવા પૂરતો છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૩ : પૃ. ૧૮૫-૧૮૬)

*

## પ્રેમ રૂપાંતર માટેની ખૂબ પ્રભાવી શક્તિ

...દેખીતી રીતે જ પ્રેમ સર્વ શક્તિઓમાં સૌથી વધુ શક્તિશાળી અને સંપૂર્ણ છે.... સંપૂર્ણ એ અર્થમાં કે તમે એને હરેક પ્રસંગે પ્રયોજી શકો છો. પ્રેમની શક્તિ વિશુદ્ધિની શક્તિ કરતાં પણ વધારે સમર્થ રીતની શક્તિ છે. વિશુદ્ધિની શક્તિ દુરિચ્છાને ઓગાળી નાખી શકે છે તથા અમુક રીતે તે વિરોધી બળોને પણ કાબૂમાં લઈ શકે છે. પણ એ શક્તિમાં રૂપાંતર કરવાનું સીધું બળ હોતું નથી, વિશુદ્ધિની શક્તિ પ્રથમ તો અનિષ્ટ તત્ત્વને ઓગાળી નાખવાનું કામ કરે છે, એ તત્ત્વના પછીથી થનારા રૂપાંતર માટે ભૂમિકા તૈયાર કરી આપે છે, એક વધુ સારા રૂપનું સર્જન કરવા માટે બીજા એક રૂપનો નાશ કરી દે છે, પણ પ્રેમની શક્તિમાં તો રૂપાંતર કરવાનું સીધેસીધું બળ રહેલું છે : કોઈ વસ્તુનું રૂપાંતર કરવા માટે એનો વિનાશ કરવાની પ્રેમને જરૂર રહેતી નથી. પ્રેમ એ એક અગ્નિજ્વાલા જેવી વસ્તુ છે. કઠણ વસ્તુને તે એક પોચો, મુલાયમ પદાર્થ બનાવી દે છે અને આ મુલાયમ વસ્તુને પણ તે એક રીતની વિશુદ્ધ વરાળમાં પલટી નાખે છે – પ્રેમ વિનાશ નથી કરતો, રૂપાંતર કરે છે.

પ્રેમ એના મૂળ સ્વરૂપે, એની આદિ અવસ્થામાં તો એક જ્વાલા જેવો છે, સફેદ જ્વાલા જેવો. એ જ્વાલા તમામ વિરોધને વશ કરી લે છે. આ વસ્તુનો પ્રયોગ તમે પોતે પણ કરી શકો છો. દાખલા તરીકે તમારામાં ગમે તે રીતની મુશ્કેલી હોય. તમારામાં ભૂલો, આશક્તિઓ, અજ્ઞાન, દુરિચ્છા એ બધાનો ભલે ગમે તેટલો સરંજામ ભેગો થયેલો હોય પણ આ શુદ્ધ, આદિ

રૂપ, પરમ પ્રેમની એક ક્ષણ પણ એ બધું જ જાણે કે એક સર્વભક્ષી જ્વાલાની અંદર ઓગાળી નાખે છે. એ પ્રેમની માત્ર એક જ ક્ષણ, અને આખોય ભૂતકાળ અદૃશ્ય થઈ જશે. એ પ્રેમને તેના મૂળ સ્વરૂપમાં તમે માત્ર એક જ ક્ષણ પૂરતો સ્પર્શ કરો અને એ આખોય ભાર હઠી જાય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૦ : પૃ. ૭૨-૭૩)

*

જ્યારે પરમ પ્રેમના આવિર્ભાવનો, એના શુદ્ધ તેમ જ સઘન અવતરણનો દિવસ આવશે ત્યારે એ સાચે જ રૂપાંતરની ઘડી હશે. કારણ, તે દિવસે રૂપાંતરનો પ્રતિકાર કરનાર કશું જ હશે નહિ.... કોઈકે શ્રી અરવિન્દને પૂછ્યું હતું : 'શા માટે એ (દિવ્ય પ્રેમ) તુર્ત જ પ્રકટ થતો નથી ?' શ્રી અરવિન્દે જણાવ્યું હતું : 'જો દિવ્ય પ્રેમ એના મૂળ સ્વરૂપે પ્રકટ થાય તો એ એક બૉમ્બઘડાકા (ભારે આઘાતજનક વસ્તુ) જેવું બની રહે. દિવ્ય પ્રેમના પરિમાણ જેટલી વિશાળતા ધારણ કરવા જેટલી જરૂરી નમનીયતા કે ગ્રહણશીલતા પૃથ્વીમાં છે જ નહિ.'

(CWM 10 : 74)

*

*પ્રભુએ જીવનની ગોઠવણ એવી રીતે કરી છે કે જગત છે આત્માનો પતિ; કૃષ્ણ એ છે દિવ્ય યાર. જગતની સેવા કરવી એ આપણું ઋણ છે અને જગત સાથે આપણે કાયદા દ્વારા ફરજ પાડતા અભિપ્રાય વડે અને દુઃખ તથા સુખના સર્વસામાન્ય અનુભવ દ્વારા બંધાયેલાં છીએ. પરંતુ આપણા હૃદયની ભક્તિ, આપણો મુક્ત અને ગુપ્ત આનંદ તો આપણા પ્રેમી માટે જ હોય છે.*

(CWM 10 : 340)

# વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ કેન્દ્ર, વિસનગર મુકામે ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ શ્રી માતાજીના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૯.૧૫ કલાકે શ્રી માતાજીના ધ્વજને સલામી આપી પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શ્રી મિતુલ પટેલે 'તું હૃદયે વસનારી' ગીત મધુર કંઠે રજૂ કર્યું હતું. પ્રથમ બેઠકમાં શ્રી ડી.એમ. પટેલે શ્રી માતાજીનાં જીવન-દર્શન વિશે સુંદર રજૂઆત કરી હતી. ત્યારબાદ શ્રી રણછોડભાઈ પટેલે 'પરમ' પુસ્તકમાંથી વાચન કર્યું હતું.

બીજી બેઠકમાં ભક્તિ સંગીતના કાર્યક્રમમાં કુ. ઝરણાબહેન અને એમનાં વૃંદે ભજનોની સુંદર રજૂઆત કરી હતી. કાર્યક્રમને અંતે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

૧૫મી ઑગસ્ટના રોજ શ્રી અરવિન્દના જન્મદિવસની ઉજવણી ધ્યાન, પ્રાર્થના અને વક્તવ્યોના કાર્યક્રમો દ્વારા કરવામાં આવી હતી. સવારે ૯.૩૦ વાગ્યે ધ્વજને સલામી આપી ધ્યાન અને પ્રાર્થના દ્વારા શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી રણછોડભાઈ પટેલે 'શ્રી માતા માધુર્યનું ધામ' વિશે સુંદર રજૂઆત કરી હતી. શ્રી અમૃતભાઈ પટેલે શ્રી માતાજીનાં લખાણોમાંથી 'વાણીનો સંયમ' વિષય પર વાચન કર્યું. શ્રી કનુભાઈ પટેલે 'અભ્યાસ યોગ' વિષય પર ટૂંકી રજૂઆત કરી હતી.

બીજી બેઠકમાં શ્રી જીજ્ઞાબહેન દવેએ શ્રી અરવિન્દ જીવનદર્શન વિશે ચિંતનસભર વક્તવ્ય રજૂ કર્યું હતું. કાર્યક્રમોમાં કુલ ૧૫૦ અભીપ્સુઓએ ભાગ લીધો હતો.

(અહેવાલ : શ્રીમતી નીતા એ. પંડિત)

શ્રી અરવિન્દ હોમ, ભાવનગર કેન્દ્ર ઉપર ૧૫ ઑગસ્ટ, ૨૦૧૬ના રોજ ધ્યાન, પ્રાર્થના, વક્તવ્યોના કાર્યક્રમો દ્વારા શ્રી અરવિન્દ જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૯.૩૦ વાગ્યે ધ્વજારોહણ તથા વંદેમાતરમના ગાન બાદ ધ્યાનનો કાર્યક્રમ થયો. આ પ્રસંગે શ્રીમતી કે.કે. કડકિયા કૉલેજના પ્રાધ્યાપક શ્રી અર્પિત આર. દવેના બે વક્તવ્યોનાં આયોજનો તા. ૧૪ને ૧૫ ઑગસ્ટના રોજ સાંજે કરવામાં આવ્યાં હતાં. પ્રવચનની શરૂઆતમાં શ્રી સ્વામીનારાયણ પંથના સંત શ્રી પ્રમુખસ્વામીને બે મિનિટ મૌન રાખી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. શ્રી અર્પિતભાઈ દવેએ શ્રી અરવિન્દ રચિત 'Supramental Manifestation upon Earth' પુસ્તિકામાંના આઠ લેખોના સંગ્રહનો અતિ સુંદર પરિચય શ્રોતાઓને કરાવ્યો હતો. લેખોમાં જે જે વિષયોને આવરી લેવામાં આવ્યા છે તે શરીરની સાધના, અતિમાનસ, ઉત્ક્રાંતિ તથા પ્રકાશનું મન (Mind of light) વગેરે સંજ્ઞાઓ વિશે સોદાહરણ રજૂઆત કરી શ્રી અર્પિતભાઈએ પ્રકૃતિના રૂપાંતરની સાધના વિશે વિશદ રજૂઆત કરી હતી.

કાર્યક્રમોના અંતે પ્રસાદગ્રહણની વ્યવસ્થા કરવામાં આવી હતી.

(અહેવાલ : શ્રી મંદાકિનીબહેન ભટ્ટ)

શ્રી અરવિન્દ અભ્યાસ કેન્દ્ર, છોટાઉદેપુર દ્વારા ૧૫મી ઑગસ્ટની ઉજવણી પ્રાર્થના, પુષ્પાર્પણ, સમૂહ ધ્યાન અને વાચનના કાર્યક્રમો દ્વારા કરવાં આવી. સવારે ૫-૪૫ કલાકે શ્રી અરવિન્દના દિવ્યાંશ ઉપર પુષ્પાર્પણ બાદ ૫-૫૦થી ૬.૩૦ દરમિયાન સમૂહ ધ્યાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પોંડિચેરી આશ્રમમાંથી મળેલા સંદેશનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાત્રે ૭.૩૦થી ૮.૩૦ દરમિયાન 'સાવિત્રીમાંનું ગૂઢ જ્ઞાન' વિષયક વાચન કરવામાં આવ્યું હતું.

(અહેવાલ : પ્રો. કાન્તિભાઈ પટેલ)

(વિશેષ નોંધ : છોટાઉદેપુરનું કેન્દ્ર સવારે ૬-૦૦થી રાત્રિના ૧૦-૦૦ વાગ્યા દરમિયાન સાધકો / મુલાકાતીઓ માટે ખુલ્લું રાખવામાં આવે છે. પુસ્તકાલય પણ દિવસ દરમિયાન ખુલ્લું જ હોય છે.)

*

વંદે માતરમદ્ પત્ર, નારો અને રાષ્ટ્રગાન વિષયક એક સેમિનારનું આયોજન ૬ ઑગસ્ટ, ૨૦૧૬ના રોજ રીલાયન્સ સ્કૂલ વડોદરા (ગુજરાતી માધ્યમ) ખાતે કરવામાં આવ્યું હતું. સેમિનારમાં ધોરણ ૮થી ૧૨ના લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શ્રી નરેન્દ્ર પટેલે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના રાષ્ટ્રવાદ વિશેના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં શાળાના શિક્ષકો તથા આચાર્યશ્રીએ પણ હાજરી આપી હતી. આ પ્રસંગે પ્રત્યેક વિદ્યાર્થીને 'વિદ્યાર્થીઓના પ્રિય શ્રી અરવિન્દ' તથા 'શ્રી અરવિન્દ જીવન-યોગ-આશ્રમ' એમ બે પુસ્તિકાઓ વહેંચવામાં આવી હતી. અંતે સર્વેએ વંદેમાતરમનું સમૂહગાન કર્યું હતું.

(અહેવાલ : શ્રી દિલીપ મહેતા)

*

શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે વિમેન્સ કાઉન્સીલ તથા યુથ કાઉન્સીલના સંયુક્ત ઉપક્રમે 'શ્રી અરવિન્દ : ભારતીય રાષ્ટ્રવાદના અગ્રદૂત' વિષયક પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૩,૨૦ અને ૨૭ ઑગસ્ટના રોજ અનુક્રમે શ્રી નરેન્દ્ર પટેલ, શ્રી કૈલાસ જોષી અને શ્રી નીલકંઠ જોશીએ માહિતીસભર વક્તવ્યો રજૂ કર્યાં હતાં. શ્રી નરેન્દ્રભાઈએ 'વંદેમાતરમ્ એક નારો, પત્ર અને ગાન' વિશે બોલતાં શ્રી અરવિન્દે એ સમાચારપત્રના માધ્યમથી ભારતમાં રાષ્ટ્રભક્તિનો જે જુવાળ પેદા કર્યો હતો તેની સુંદર રજૂઆત કરી હતી. શ્રી કૈલાસ જોશીએ રાષ્ટ્રવાદ શું છે ? તથા શ્રી અરવિન્દના હૃદયમાં જે રાષ્ટ્રભાવના વિકસી હતી તે અંગે યોગ્ય અવતરણો ટાંકી વાતાવરણમાં રાષ્ટ્રભાવનાની લહેર પ્રસરાવી. શ્રી નીલકંઠ જોશીએ પોતાના વક્તવ્યમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ પ્રત્યેનું ઋણ પ્રકટ કરી સ્વતંત્રતાના મૂળ સૂચિતાર્થો પ્રતિ અંગુલીનિર્દેશ કરી, સ્વતંત્રતાની ચળવળ પાછળ સ્વયં નારાયણ કઈ રીતે કાર્ય કરતા હતા તેની સોદાહરણ રજૂઆત કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

(અહેવાલ : શ્રી કૈલાસ જોશી)

*

શ્રી અરવિન્દ સોસાયટી જામનગર શાખાના ઉપક્રમે શ્રી અરવિન્દના જન્મ દિવસની ઉજવણી ધ્વજવંદન, પ્રાર્થના, ધ્યાન, વાચનના કાર્યક્રમો સહિત કરવામાં આવી હતી. સવારે ૧૦-૦૦ વાગે ધ્વજવંદન બાદ પોણો કલાક સમૂહધ્યાન કરવામાં આવ્યું હતું. સાંજે ૭થી ૮ દરમિયાન પ્રાર્થનાગીતો, ધ્યાન તેમ જ શ્રી અરવિન્દના ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના સંદેશનું વાચન યુવા કાર્યકર શ્રી ચંદ્રશેખર ત્રિવેદીએ કર્યું હતું. કાર્યક્રમની પૂર્ણાહુતિ ‘વંદેમાતરમ’ ગીતના ગાન સાથે થઈ. કેન્દ્રના દિવ્યતાસભર વાતાવરણનો શહેરના લોકોએ સારી સંખ્યામાં લાભ લીધો. (અહેવાલ : શ્રી બિપીન શનેશ્ચરા)

*

શ્રી અરવિન્દાયન, કપડવણજમાં ૧૫ ઑગસ્ટની ઉજવણી પ્રાર્થના, વક્તવ્યો તેમ જ તેજસ્વી વિદ્યાર્થીઓને રૌપ્યચંદ્રકો એનાયન કરવાના કાર્યક્રમો દ્વારા કરવામાં આવી. પ્રાર્થના શ્રીમતી પૂર્ણિમાબહેન શાહે કરી અને અધ્યક્ષશ્રી તખ્તસિંહ ઝાલાએ સ્વાગત પ્રવચનમાં શ્રી માતાજીનાં જીવન વિશે રજૂઆત કરી. કવિયત્રી શ્રીમતી પુષ્પાબહેન ભટ્ટે વક્તા શ્રી ડૉ. કૌશલકિશોર વર્માનો પરિચય કરાવ્યો. શ્રી વર્માજીએ પોતાના વક્તવ્યમાં ‘મહર્ષિ શ્રી અરવિન્દનું શ્રીમદ્ ભગવદ્ ગીતાનું ચિંતન’ વિષય પર રજૂઆત કરી. કાર્યક્રમમાં કુલ ૧૩ તેજસ્વી વિદ્યાર્થીઓને રૌપ્યચંદ્રકો એનાયન કરવામાં આવ્યા. કુલ ૧૫૦ સાધકોએ હાજરી આપી. કાર્યક્રમને અંતે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમના સફળ આયોજન માટે કેન્દ્રના સર્વે સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. (અહેવાલ : ડૉ. પુષ્પાબહેન ભટ્ટ)

*

શ્રી અરવિન્દ સ્વાધ્યાય કેન્દ્ર, લુણાવાડા દ્વારા શ્રી અરવિન્દની ૧૪૫મી જન્મજયંતીની ઉજવણી મહંત શ્રી પુરુષોત્તમદાસજીના અધ્યક્ષપણા હેઠળ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પદ્મશ્રી ડૉ. પ્રવીણ દરજી ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં શ્રી રમેશભાઈએ પ્રાર્થના રજૂ કરી અને ત્યારબાદ ધ્યાન કરવામાં આવ્યું હતું. કેન્દ્રના અધ્યક્ષશ્રી અને ઉપાધ્યક્ષશ્રીએ સમારંભના અધ્યક્ષ તેમજ મુખ્ય મહેમાનનું અનુક્રમે સ્વાગત કર્યું. કેન્દ્રના મંત્રીશ્રીએ કેન્દ્રની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યા બાદ કેન્દ્રના પાંચ અભ્યાસી સાધકોએ (૧) આરોહણ અને અવતરણ (૨) યોગમાર્ગોનો સમન્વય (૩) ‘સાવિત્રી’ મહાકાવ્ય (૪) સાધનાનું મહત્ત્વ અને (૫) શ્રી અરવિન્દ : પરમાત્માના સ્થાયી અવતાર વિષયો પર રજૂઆતો કરી.

મુખ્ય વક્તા શ્રી ડૉ. પ્રવીણભાઇ દરજીએ શ્રી સુન્દરમ્‌ના સ્પર્શ દ્વારા પોતાને થયેલી અનુભૂતિ તેમ જ એમની સાથેનાં સંસ્મરણો વાગોળી શ્રી અરવિન્દના પૂર્ણયોગની પારિભાષિક સંજ્ઞાઓ વિશે સમજૂતી આપી શ્રોતાઓને ધ્યાનમગ્ન કરી દીધા હતા. અંતે સમારંભના અધ્યક્ષશ્રીએ સર્વ પરત્વે પ્રેમભાવ પ્રકટ કરી કબીર સાહેબની સાખીના માધ્યમથી સ્વરૂપને ઓળખવાની પદ્ધતિ વિશે સમજ આપી સર્વને આશીર્વચનો પાઠવ્યા.

અગાઉ ૧૪ ઑગસ્ટના રોજ લુણાવાડાની હૉસ્પિટલમાં ૪૦થી વધુ દર્દીઓને કેન્દ્ર દ્વારા ફળ તથા બિસ્કીટ વહેંચવામાં આવ્યાં હતાં.

## સાભાર સ્વીકાર

**શ્રીમદ્ ભગવદ ગીતા દોહન : વસંત જે. પટેલ, સંપર્ક : મો. ૯૪૨૭૮ ૫૬૭૭૫** ૧/૩૨ ક્રાઉન : પૃષ્ઠ : ૭૮. ભગવદ્ ગીતા અધ્યાય પ્રમાણે, શ્લોકોના અર્થ સહિત સંક્ષેપમાં વર્ણવવાનો સ્તુત્ય  પ્રયત્ન. રસ ધરાવનારે લેખકનો સંપર્ક કરવો.

*

**વિચાર દીવાઓ :** નારાયણ શાહ : પ્રકાશક : ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. વડોદરા. ૧/૮ ડેમી. પૃષ્ઠ સંખ્યા : ૯૬, ચાર રંગમાં સુંદર મુખપૃષ્ઠ. મૂલ્ય રૂા. ૧૨૫=૦૦. પુસ્તકની પ્રસ્તાવનામાં પદ્મ શ્રી. ડૉ. પ્રવીણ દરજીએ લખી જણાવ્યું છે : 'લેખકે આપણા પરિચિત વિશ્વને શબ્દના અજવાળે અહીં પોતાની રીતે પરિષ્કૃત કરી વિચાર દીવાઓ પેટાવ્યા છે. અભિનંદ અને સ્વાગત.' લેખકનો સંપર્ક : મો : ૯૯૨૪૪૨૮૦૮૪.

*

**ગાંધીજીનાં પ્રેરણાતીર્થો : ચંદ્રકાન્ત શેઠ :** રન્નાદે પ્રકાશન : સંપર્ક. ૦૭૯-૨૨૧૧૦૦૬૪ Email - rannade_2002@yahoo.com ૧/૧૬ ક્રાઉન : પૃ. ૫૪. મૂલ્ય રૂા. ૫૫.૦૦. પૂ. બાપુને જે વ્યકિતત્વોમાંથી પ્રેરણા થઈ હતી તે (૧) શ્રીમદ્‌રાજચંદ્ર (૨) સર્જક તોલ્સ્તોય (૩) ચિંતક રસ્કિન (૪) હેનરી થૉરો અને (૫) શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેના જીવન અને કાર્ય વિશે અતિ સુંદર રજૂઆત પુસ્તકમાં થયેલી જોવા મળે છે.

*

**પ્રેમાનંદનું ભાષાકર્મ : ચંદ્રકાન્ત શેઠ :** ક.લા. સ્વાધ્યાયમંદિર ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ. ૧/૮ ડેમી. પૃષ્ઠ : ૧૦+૨૭૦=૨૮૦. મૂલ્ય રૂા. ૨૭૫/-. સારી ગુણવત્તાવાળા સફેદ કાગળ ઉપર સુંદર છાપકામ. પાકા પૂઠા સાથે સુઘડ બાંધણી. પ્રકાશકનો સંપર્ક : ૨૬૫૮૭૯૪૯ (૦૭૯) Email - gspamd@vsnl.net 'પ્રેમાનંદના ભાષાકર્મ વિશે અહીં સઘન અને તલસ્પર્શી અભ્યાસ રજૂ થયો છે. ... શ્રી ચંદ્રકાન્તભાઈએ એકએક કૃતિઓ લઈ ભાષાકર્મ સંદર્ભે અનેક ઉદાહરણો સાથે ઝીણવટપૂર્વક તપાસ આદરી.... પ્રેમાનંદની વાક્‌સિદ્ધિનો અને સમૃદ્ધ ભાષાભંડોળનો પ્રત્યક્ષ પરિચય કરાવ્યો છે.' એવી આશા સેવવામાં આવી છે કે 'ગુજરાતી ભાષાના અભ્યાસીઓને શ્રી ચંદ્રકાન્ત શેઠનો આ સ્વાધ્યાયશ્રમ અચૂક ન્યાલ કરશે.'

## નિમંત્રણ

**સાવિત્રીભવન, ઑરોવિલ મુકામે તા. ૨૨ નવેમ્બર, ૨૦૧૬ના રોજ સાંજે ૪-૦૦ વાગ્યે 'સાવિત્રીશબ્દામૃત-૬' ગ્રંથના ભગવદ્‌ર્પણ સમારોહનું આયોજન કરવામાં આવનાર છે. ભગવદ્‌ર્પણ શ્રી શ્રદ્ધાવાનજીના શુભ હસ્તે સંપન્ન કરવામાં આવશે. સર્વે સાવિત્રીપ્રેમી મિત્રોને સમારોહમાં સહભાગી થવા નિમંત્રણ પાઠવવામાં આવે છે.**

એમ કહેવાય છે કે વાઘની ભક્ષણ કરવાની જરૂરિયાત, એ આ જગતમાં પ્રેમની પ્રથમ અભિવ્યક્તિ હતી. મને એમ લાગે છે કે વાઘની પહેલાં પણ દરિયામાંના પ્રાથમિક અવસ્થામાં રહેતાં પ્રાણીઓનું પણ પ્રથમ કાર્ય હતું : જઠર. તેઓ ફક્ત જઠર રૂપે જ અસ્તિત્વ ધરાવતા હતા. અને તેથી તેઓ ગળી જવાનું કાર્ય કરતા હતા. એ જ તેમનો એક માત્ર ધંધો હતો. પ્રેમની શક્તિના જડ પદાર્થમાંના પ્રસારણનાં પ્રથમ પરિણામોમાંનું એ એક પરિણામ હતું, કારણ કે એ અગાઉ કંઈ પણ હતું નહિ; સંપૂર્ણ અચિત હતું. ખૂબ સંપૂર્ણ સ્થિરતા, કોઈ પણ પ્રકારની ગતિ નહિ. પ્રેમના પ્રાકટ્યની સાથે ગતિની શરૂઆત થઈ. ચેતનાની જાગૃતિ અને રૂપાંતરની ગતિ. વારુ, સૌથી પ્રથમનાં રૂપો, એમ કહી શકાય કે, સ્થૂલમાં પ્રેમની પ્રથમ અભિવ્યક્તિ હતી. એટલે આપણે ગળી જવાની જરૂરિયાતથી શરૂઆત કરી શકીએ, જે તે વખતની એકમાત્ર ચેતના હતી – ગળી જવાની જરૂરિયાત, એકતાની જરૂરિયાત – તે છેક... ... સુધી ... મને માફ કરશો, આપણે એમ કહીએ છીએ કે દિવ્ય પ્રેમ જગતની એક શક્તિ છે – વસ્તુઓ સાથે ઐક્ય સાધવાની એ સીધી સાદી રીત છે; પરંતુ તે અસરકારક રીત છે. વ્યક્તિ વસ્તુને ગળી જાય છે અને એને પોતાનામાં સમાવી લે છે, આત્મસાત કરી લે છે. વારુ, વાઘ ભક્ષણ કરવામાં ખૂબ આનંદ મેળવે છે. એટલે કે એમાં આનંદ રહેલો છે અને તે પ્રેમનું ઘણું ઊંચું સ્વરૂપ છે. તમે આનાથી વધુ ઊર્ધ્વમાં જઈ શકો છો અને આનાથી ઉચ્ચ પ્રકારની પ્રેમની અભિવ્યક્તિને પામી શકો છો; એટલે કે જે વસ્તુ પર પ્રેમ હોય તેના માટે પૂરેપૂરું આત્મસમર્પણ, એટલે કે, દેશને માટે બલિદાન આપવું, અથવા કોઈ વ્યક્તિનું રક્ષણ કરવા માટે પોતાનું જીવન અર્પણ કરી દેવું. અને આવી આવી વસ્તુઓ તે ખરેખર ઘણી ઉચ્ચ વસ્તુઓ છે. તેમ છતાં તેમાં પણ થોડુંક નિમ્ન વસ્તુઓનું મિશ્રણ છે. તે સૌથી ઉચ્ચ પ્રકારનું રૂપ નથી; પણ તે કંઈક સારું રૂપ જરૂર છે. અને તમે આ બધાં પગથિયાં જુઓ છો, ખરું ને ? સારું, આમાંથી વ્યક્તિએ હજુ ઘણું ઘણું ઊર્ધ્વારોહણ કરીને સાચી અભિવ્યક્તિમાં પહોંચવાનું છે. જે વસ્તુનું મેં વર્ણન કર્યું તેમાં પહોંચવાનું છે. જે ચઢાણની ટોચ છે ત્યાં પહોંચવાનું છે.

શ્રી માતાજી

(CWM 6 : 103-05)

(વર્ષ ૦૨ : અંક ૧૦)
RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**